सत्यं वद

॥ ॐ श्री सच्चिदानंद माधवानंद सद्गुरुभ्यो नमः ॥

धर्मं चर

ॐ


# ॥ વેદ રહસ્ય ॥



પરમ પૂજ્ય પ્રાતઃસ્મરણીય શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ શ્રીમત્પરમહંસ પરિવ્રાજકાચાર્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર

## સ્વામીશ્રી અખંડાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય

વર્ષ ૩૯ સંવત ૨૦૭૩ આસો, ઓક્ટોબર – ૨૦૧૭ અંક – ૧૦



તા. ૧૩-૯-૧૭ થી તા. ૨૯-૯-૧૭ સુધી ચાણોદ ધામમાં પ.પૂ. શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી
શ્રી જગદીશાનંદ સાગરજી મહારાજ વેદાંતાચાર્યશ્રી તેમજ સંતો ભક્તો સાથે કરતા શ્રી ગુરુગીતાનો પાઠ

## સંપર્ક : ગોરધનભાઈ – મો. ૯૮૯૮૩ ૨૨૬૫૦

# વેદ રહસ્ય



સંસ્થાપક : પ. પૂ. શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી શ્રી અખંડાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય
વર્ષઃ ૩૯ / ઓક્ટોબર-૨૦૧૭/ અંક-૧૦

## અનુક્રમણિકા

| | |
|---|---|
| ૪ | કઠોપનિષદ્ — કૃષ્ણા જી. સવાણી (નવા નાવડા) |
| ૮ | વેદાંતની દૃષ્ટિએ હનુમાન — પ.પૂ. સ્વામીશ્રી બ્રહ્માનંદસાગરજી |
| ૯ | શ્રીમદ્ભાગવત્ અમૃત બિંદુ |
| ૧૧ | સ્વાભાવિક કર્મો — ભગવાનદાસ |
| ૧૩ | શબ્દોની કિંમત — દિનેશ એન. લાઠિયા |
| ૧૫ | પ્રેમ અને બ્રહ્મ એક જ છે. — ગોરધનભાઈ જે. ગાબાણી |
| ૧૬ | ધર્મનું લક્ષણ - દમન — સોહલિયા વનિતા એન. |
| ૧૮ | સત્સંગ સમાચાર — પદયાત્રા |
| ૧૯ | સત્સંગ સમાચાર — ભાગવત સપ્તાહ |
| ૨૦ | સત્સંગ સમાચાર — સંકલિત |
| ૨૦ | કિર્તન — રીનાબેન મુંજાણી |
| ૨૧ | સત્સંગ સમાચાર — સંકલિત |
| ૨૨ | સત્સંગ સમાચાર — સંકલિત |

॥ જય શ્રી સચ્ચિદાનંદ ॥

ૐ

## વેદ રહસ્ય ગ્રાહક સભ્યોને ખાસ સૂચના

(૧) સરનામામાં ફેરફાર કરવા માટે ગ્રાહક નંબર અને ક્રમ નંબર ખાસ લખવો. સુંદર અને સ્વચ્છ અક્ષરોમાં જૂનું-નવું બંને સરનામાં લખવા તથા મોબાઈલ નંબર લખવો.

(૨) લેખ સંપૂર્ણ આધ્યાત્મને અનુરૂપ હોવા જોઈએ. લેખ એક જ સાઈડમાં આગળ હાંસિયાની જગ્યા છોડીને જ સારા અક્ષરે લખી મોકલાવો. પાછળની સાઈડમાં લખવું નહિ. લેખો આધ્યાત્મને અનુરૂપ નહિ હોય અથવા કોઈપણ પુસ્તકના ઉતારા હશે અને તે લેખો પ્રગટ કરવા જેવા નહિ લાગે તો તંત્રીશ્રી તે લેખો કેન્સલ કરી શકશે અને કેન્સલ કરેલા લેખો લેખકને પરત મોકલવામાં આવશે નહિ.

(૩) જે ગ્રાહક સભ્ય સ્વર્ગવાસ થયા હોય તેનું લવાજમ પુરૂં થયું ગણાય છે. માટે તેના કુટુંબીજનોએ વેદરહસ્ય કાર્યાલયમાં જાણ કરી નવા સભ્ય બની જવું ખાસ પૂજ્ય ગુરુજીની આજ્ઞા છે.

(૪) વાર્ષિક લવાજમ જાન્યુઆરી થી ડિસેમ્બર સુધીનું જ ગણાય છે.

**: માધવ પીઠાધીપતિ :**
''પ.પૂ. મહામંડલેશ્વર સ્વામી શ્રી જગદીશાનંદ સાગરજી મહારાજ વેદન્તાચાર્ય''

**: મુદ્રણ સ્થાન :**
પાર્થ પ્રિન્ટ પોઈન્ટ,
૧, બેઝમેન્ટ, શ્રીજી આવાસ,
માનગઢ ચોક,
વરાછા, સુરત—૩૯૫ ૦૦૬.

**: પ્રકાશક (Publisher) :**
શ્રી લક્ષ્મણભાઈ જેરામભાઈ સોનાણી

**: સંપાદક (Editor) :**
શ્રી દેવરાજભાઈ વાલજીભાઈ વઘાસિયા

**: મુદ્રક :**
શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ વતી
શ્રી ઈશ્વરભાઈ ધનજીભાઈ ગોળકીયા

## વેદ રહસ્ય


વેદ રહસ્ય મહિનાની પાંચમી તારીખે પ્રગટ થતું ૩૮ વર્ષ જૂનું સંસ્કાર અને ધર્મભાવના જાગૃત કરનારૂં સંપ્રદાયનું એકમાત્ર માસિક છે. વેદ રહસ્ય માસિક લવાજમના દર નીચે મુજબ રહેશે.

**લવાજમ, લેખો તેમજ સરનામા ફેરફાર માટે પત્રવ્યવહાર :**
**મુખ્ય કાર્યાલય**

**શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ**
**''વેદ રહસ્ય કાર્યાલય''**
શ્રી માધવાનંદ આશ્રમ,
ઉદયનગર—૧,
કતારગામ રોડ, સુરત—૩૯૫ ૦૦૪.
ફોન નં.:— (૦૨૬૧) ૨૫૩૪૬૧૦

| | દેશમાં | વિદેશમાં |
|---|---|---|
| સંરક્ષક | ૮૦૦૦ | — |
| સહાયક | ૩૦૦૦ | — |
| આજીવન | ૧૫૦૦ | ૧૨૦૦૦ |
| વાર્ષિક | ૨૦૦ | ૩૦૦૦ |

**પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી અખંડાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય દ્વારા મહાકુંભપર્વ-નાસિક-૧૯૯૧ માં ચાતુર્માસ દરમ્યાન કરેલ પ્રવચનામૃત**



(ગતાંકથી ચાલુ)

'गच्छतीति हंस' જે સર્વની અંદર રહેલું તત્ત્વ છે. એ હંસ તત્ત્વ રહે એટલે પરમાત્મા સર્વની અંદર રહેલા છે. પછી 'शुचिषत्' એ પવિત્ર છે. બધા પવિત્રની અંદર રહેલું હોવાથી પવિત્ર સત્ છે. અને 'वसु' છે એટલે બધાની અંદર વાસ કરે એટલા માટે વસુ છે. 'अन्तरिक्ष' માં (આકાશમાં વાયુ રૂપમાં) વ્યાપી રહેલું અન્તરિક્ષ સત્ છે. 'होता' છે એટલે અગ્નિરૂપે છે. 'वेदिषत्' એટલે વેદિરૂપે પૃથ્વી રૂપે પણ એ રહેલું છે. અતિથિ રૂપે બધામાં છે. 'दुरोणसत्' સર્વની અંદર કળશ વગેરેની અંદર સ્થિર રહેલું છે 'नृषत्' એટલે બધા મનુષોની અંદર છે. એટલા માટે 'नृषत' છે. બધા મનુષોની અંદર પણ સત્ રૂપે રહેલું છે. અને 'वरसत्' એટલે દેવોની અંદર પણ સત્ રૂપે રહેલું છે. 'नृषत् वरसत् ऋतसत्' સત્યમાં પણ રહેલું છે. યજ્ઞમાં પણ રહેલું છે. 'व्योमसत्' એટલે આકાશમાં પણ રહેલું છે. અને પાણીની અંદર પણ જે રહેલું છે એટલે अब्जा. 'गोजा' એટલે પૃથ્વીની અંદર પણ રહેલું છે. 'ऋतजा' એટલે સત્યની અંદર રહેલું છે. 'अद्रिजा' એટલે પહાડોની અંદર પણ રહેલું છે. નરસિંહ મહેતાનું તમે સાંભળ્યું છે ને-

**પવન તું પાણી તું ભૂમિ તું ભૂધરા,**
**વૃક્ષ થઈ ફૂલી રહ્યો આકાશે.**

એમ પરમાત્મા સર્વમાં છે. એમ કહેવાનો આ મંત્રનો મુખ્ય અભિપ્રાય છે. 'પરમાત્મા એક શરીરમાં છે' એમ નો સમજવું સર્વ શરીરોની અંદર, જડ હોય, ચેતન હોય, સ્થાવર-જંગમ બધાની અંદર ઓત પ્રોત વ્યાપી રહેલું છે.

**પશુ પક્ષી નર ને નાર, છે બહુ નામી રે,**
**એવો આદ્ય પુરુષ અપાર, અંતરયામી રે.**
(સ્વામી પ્રીતમદાસ)

તો ઝાડમાં, પહાડમાં સર્વમાં એક પરમાત્મા છે એવી દ્રઢ ભાવના કરવી.

**જલે વિષ્ણુ સ્થલે વિષ્ણુ વિષ્ણુ પર્વત મસ્તકે,**
**જ્વાલા માલા કૂલે વિષ્ણુ સર્વ વિષ્ણુ મયં જગત.**

ऊर्ध्वं प्राणमुन्नयत्यपानं प्रत्यगस्यति ।
मध्ये वामनमासीनं विश्वे देवा उपासते ॥ ३ ॥
॥ २-२-३ ॥

કે જે ચૈતન્ય તત્ત્વથી પ્રાણ ઉપર ખેંચાય છે. અપાન નીચે જાય છે. મધ્યે વામના બધાની અંદર સ્થિર રહેલો **ભમરી/વમણી.** જે ગ્રહણ કરવાને વરણ કરવાને યોગ્ય તત્ત્વ જે છે જેને બધા દેવો એની ઉપાસના, એની નજીકમાં રહેલા છે. જેના વડે બધા દેવો જાણે છે. એ પરમાત્માની તમામ ઉપાસના કરે છે બધાની અંદર રહેલું ઘટઘટમાં રહેલું એ તત્ત્વ છે.

देहस्थ आत्मा ही जीवन है
किं च
अस्य विस्रंसमानस्य शरीरस्थस्य देहिनः ।
देहाद्वि मुच्यमानस्य किमत्र परिशिष्यते ॥
एतद्वै तत् ॥ ॥ २-२-४ ॥

અને જે નીકળી જવાથી શરીર મડદું થઈ જાય

છે. જેનાથી શરીરમાં કાંઈ રહેતું નથી. જેમ જીવ નીકળી જાયને પછી શરીર શું થઈ જાય ? મડદું પડી ... એટલે કહે છે કે

अस्य विस्त्रंसमानस्य शरीरस्थस्य देहिनः ।
देहाद्विमुच्यमानस्य किमत्र परिशिष्यते ॥

તો દેહ જયારે જુદો પડી જાય મડદું થઈ જાય પછી જે તત્ત્વ રહે છે એ શેષ તત્ત્વ છે. એ આત્મ તત્ત્વ છે. એ સર્વની અંદર રમી રહેલું છે.

न प्राणेन नापानेन मर्त्यो जीवति कश्चन ।
इतरेण तु जीवन्ति यस्मिन्नेतावुपाश्रितौ ॥ ५ ॥
॥ २-२-५ ॥

પ્રાણ-અપાનથી કોઈ જીવતું નથી. જેનાથી આ જીવે છે એ આત્મતત્ત્વ છે અને એ જ આત્મ તત્ત્વને **'હું સચ્ચિદાનંદ સ્વરૂપ છું'** એમ જાણીને માનવ મુક્ત થઈ જાય છે.

मरणोत्तर कालमें जीवकी गति

हन्त त इदं प्रवक्ष्यामि गुह्यं ब्रह्म सनातनम् ।
यथा च मरणं प्राप्य आत्मा भवति गौतम ॥ ६ ॥
॥ २-२-६ ॥

યમરાજા નચિકેતાને કહે છે કે હું તને ગુહ્ય બ્રહ્મ સનાતન વાત બતાવું છું.

यथा च मरणं प्राप्य आत्मा भवति गौतम ।

તો બે ભાગ બતાવે એક તો મુક્ત થયેલા પુરુષોનો ભાગ બતાવી દીધો. હવે, જે લોકો મુક્ત નથી થતા એની શી ગતિ થાય એનું વર્ણન કરે છે. મુક્ત થાય એ તો મુક્ત જ છે. એને કાંઈ આવવા-જવાનું... પણ જે લોકો નથી મુક્ત થતા, નથી આવું જ્ઞાન થતું એની શી ગતિ થાય એનું વર્ણન બતાવતા કહે છે.

योनिमन्ये प्रपद्यन्ते शरीरत्वाय देहिनः ।
स्थाणुमन्येऽनुसंयन्ति यथाकर्म यथाश्रुतम् ॥ ७ ॥
॥ २-२-७ ॥

કે જે લોકો જેવા જેના કર્મ હોય ને જેવું જેનું જ્ઞાન હોય. એટલે કર્મ અનુસાર અને જ્ઞાન અનુસાર કોઈ યોનીને પ્રાપ્ત કરીને મનુષ્ય થાય છે ને કોઈ સ્થાણુ એટલે જડ જેવા (દા.ત. વૃક્ષ) થાય છે. તો બે ભાગ થયા જડ અને ચેતન જો તમે જ્ઞાનવાન હો તો ચૈતન્ય થાવ અને જો જડ જેવા અજ્ઞાની હો તો જડ જેવા થાવ. એટલા માટે કહે છે. 'यथाकर्म यथाश्रुतम्' તો સારા કર્મ ને સારી સમજણ બે રાખવી અને ત્રીજી સારી ભાવના રાખવી. કર્મ સારા, ભાવ સારો ને જ્ઞાન સારું એટલે ત્રણ વસ્તુથી જીવનમાં વિકાસ થાય છે. કર્મથી, ભાવથી અને જ્ઞાનથી જો કે ભાવ છે એને અંત કર્મ જ કહેવાય છે. ઘણીવાર શ્રુતિઓમાં જુદું નથી પાડયું. કેમ કે એ એક પ્રકારનું કર્મ છે મનનું કર્મ. કોઈ શરીરનું હોય ને કોઈ મનનું કર્મ હોય. તો ભાવના એ મનનું કર્મ છે. એટલા માટે એને કર્મથી જુદુ પાડવું ન હોય તો બે જ ભાગ પડે. કર્મ અને જ્ઞાન. એટલે જો સારું જ્ઞાન જીવનમાં હોય તો તમે સારું કરી શકો નહિતર તમારે સારું કરવું હોય તોય જ્ઞાન વગર સારું કામ થતું નથી.

**જ્ઞાન વિના બહુ ગોથા ખાધા,**
**વળગ્યા હું ને મારું જોને.**

ઘણાંને સારું કરવું હોય પણ સારી સમજણ ન હોય એટલે સારું કરી શકતા નથી. હવે, ઘણાંને સમજણ હોય છતાં નો કરે તોય મળતું નથી. કેમ કે બહુ ભણેલા હોય પણ કંઈ કરે નહિ તો શું મળે એને ! એટલે કર્મ ય જોઈએ ને સમજણ પણ હોવી જોઈએ. 'यथाकर्म यथाश्रुतम्' તો સરળ ભાષામાં બતાવ્યું 'જેવા જેના કર્મો હોય એવો એનો જન્મ થાય.' 'જેવી જેની સમજણ હોય એવો એનો જન્મ થાય' બેય ભેગા ભેળવીને કહો તો સમજણ અને કર્માનુસાર (જીવો) શરીરો ધારણ કરે છે.

गुह्य ब्रह्मोपदेश

य एष सुप्तेषु जागर्ति कामं कामं पुरुषो निर्मिमाणः । तदेव शुक्रं तद्ब्रह्म तदेवामृतमुच्यते । तस्मिंल्लोकाः श्रिताः सर्वे तदु नात्येति कश्चन । एतद्वै तत् ॥ ८ ॥
॥ २-२-८ ॥

જે બધા ઊંઘી જાય છતાં આત્મા જાગે છે. બધા ભલે ઊંઘી જાય પણ બધાને જાણવાવાળો ડ્રાઈવર જો ઊંઘી જાય તો શું થઈ જાય ? બોલો ? તો ગાડીનું એક્સીડન્ટ થઈ જાય. પેલેથી य एष सुप्तेषु जागर्ति कामं कामं पुरुषो निर्मिमाणः । જે કામનાનું નિર્માણ કરે છે અંદર રહીને એ પરમાત્મા 'तदेव शुक्रं तद्ब्रह्म' એ જ શુદ્ધ છે એ જ બ્રહ્મ છે. અને એ જ તમારું મૂળ સ્વરૂપ છે. એ અમર છે. એને જાણીને માનવ દુઃખમાંથી છૂટી

જાય છે. 'तस्मिंल्लोका: श्रिता: सर्वे तदु नात्येति कश्चन । एतद्वै तत् ॥' એને આધારે આખું આ જગત રહેલું છે એને કોઈના આધારની જરૂર નથી. એવું જે મૂળ તત્ત્વ છે જે ધર્મથી અધર્મથી બધાથી જુદુ રહેલું છે.

आत्माका उपाधिप्रतिरूपत्व

अग्निर्यथैको भुवनं प्रविष्टो
रूपं रूपं प्रतिरूपो बभूव।
एकस्तथा सर्वभूतान्तशत्मा
रूपं रूपं प्रतिरूपो बहिश्च ॥ २-२-६ ॥

એક જ તત્ત્વ બધામાં કેમ રહે ! એને માટે દ્રષ્ટાંત બતાવે છે. ધ્યાનથી સાંભળો. એક અગ્નિ અને લાકડા હજારો જુદા જુદા ટુકડા નાખો તો વેંતનો હોય એમાં વેંત જેવડો(અગ્નિ) દેખાય અને હાથ જેવડો(લાકડાનો ટુકડો) હોય તો એમાં હાથ જેવડો (અગ્નિ) દેખાય ને ગોળ (લાકડું) હોય એમાં ગોળ (અગ્નિ) દેખાય ને લાંબુ હોય એમાં.. તો અગ્નિ એક જ બધે રહેલો છે. તો લાંબો, ટૂંકો, ઊંચો લાગે એ ઉપાધીથી લાગે છે. લાકડાની ઉપાધીથી. એમ એક જ આત્મા છે કોઈનું ઊંચુ શરીર હોય તો ઊંચો લાગે, કોઈનું નીચું શરીર હોય તો નીચો લાગે, ગોળ શરીર હોય તો ગોળ લાગે. એટલે એમાં કાંઈ આત્મામાં ફેર પડતો નથી. ઉપાધીમાં ફેર છે એટલે અગ્નિ જેમ લાકડાને લઈને લાંબો-ટૂંકો દેખાય છે એમ કોઈનું શરીર પાંચ હાથનો લાંબો માણસ હોય એટલે કાંઈ આત્મા થોડો લાંબો થઈ જાય છે. લાંબો ટૂંકો કાંઈ થતો નથી. કોઈનું શરીર ટૂંકું હોય તો એથી આત્મા ટૂંકો થઈ જતો નથી. ઉપાધીથી લાંબો, ટૂંકો ભ્રાંતિથી દેખાય છે. ઘટાકાશ જેમ ઘડો નાનો હોવાથી આકાશ નાનું દેખાય ઘડો મોટો હોવાથી... તો આકાશ તો બધે પૂર્ણ વ્યાપક રહેલું છે. એમ આત્મા વ્યાપક આકાશ સમાન છે. આકાશની ઉપમા ખાસ યાદ રાખવાની.

'आकाशवत् सर्व गतश्चनित्य: ।'

કે આત્મા આકાશની સમાન સર્વગત અને નિત્ય છે. એટલા માટે જેમ આકાશમાં કોઈ ભેદ પડતો નથી. આકાશ નાનું-મોટું થતું નથી. એમ આત્મા કોઈ દિ' નાનો-મોટો થતો નથી અને આત્માને કોઈ બંધન થતું નથી. એટલા માટે હું નાનો થઈ ગયો મોટો થઈ ગયો એ મનમાં ભ્રાંતિ કરવી નહિ. તો શરીર નાનું-મોટું થાય પણ આત્મા નાનો-મોટો થતો નથી. એટલે હું વધી ગયો એમ માનીને હરખ ન કરવો ને હું ઘટી ગયો એમ માનીને શોક ન કરવો. એ તત્ત્વજ્ઞાનથી જો સમજાય જાય તો જીવ શોકમાંથી છૂટી જાય. જયાં સુધી આત્મજ્ઞાન નથી થતું. ત્યાં સુધી જીવ શોકમાં ચિંતામાં પડયા રહે છે. હું ઘટી ગયો ને હું વધી ગયો (એમ) અભિમાનમાં પડયા રહે. તો હરખ અને શોક બંનેથી છૂટવા માટે આત્મજ્ઞાન છે. એટલે બતાવ્યું કે અગ્નિ જેમ પ્રવિષ્ટ થઈને જુદો જુદો થાય પણ કોઈની હારે બંધાતો નથી. એમ આત્મા સર્વની અંદર રહેવા છતાં કોઈનાથી બંધાતો નથી. બીજું વાયુનું દ્રષ્ટાંત આપે છે.

वायुर्यथैको भुवनं प्रविष्टो, रूपं रूपं प्रतिरूपो बभूव।
एकस्तथा सर्वभूतान्तरात्मा, रूपं रूपं प्रतिरूपो बहिश्च ॥ ६ ॥
॥ २-२-१० ॥

વાયુ એક છે પણ બધાની અંદર જુદા જુદા ઘરમાં જુદા જુદા સ્થાનમાં ઉપાધીથી પ્રવિષ્ટ થયો હોય તો કયાંક વધારે ભેગો થઈને સાંકડામાં થઈને આવતો હોય તો ઝાઝો આવે (એમ લાગે) કયાંકથી પહોળો હોય તો ઓછો ય આવે. એટલે કયાંક વંટોળીયો કયાંય ધીરો ધીરો વાયુ હોય. પણ બંને જુદા જુદા દેખાવા છતાં મૂળ તત્ત્વ તો એક છે.

**વાયુને ખોળે વંટોળીયો એમ ઈશ્વર જીવ,**
**વસ્તુ વિચારતાં એક છે, સમ સૂત્ર સદૈવ,**
**સાંભળ શુદ્ધ ચિત્તે કરી.**

(સ્વામી પ્રિતમદાસજી)

તો વાયુ જેમ ઝાઝરામાંય જાય ને મંદિરમાંય જાય સારામાંય જાય પણ વાયુ કોઈનાથી બંધાતો નથી. કોઈ દિ' લેપાતો પણ નથી. કંઈ બગીચામાં સુગંધી જેવો લાગે કંઈ ઉકરડામાં... પણ એને વાયુને કાંઈ સબંધ થતો નથી. એટલે સાચો સબંધ નથી. એમ સમજવું. એમ આત્મા સર્વમાં રહેવા છતાં એને ગમે તેમાં (હોય) બ્રાહ્મણમાં હોય કે ક્ષત્રિયમાં હોય કોઈમાં પુણ્યશાળીમાં કે પાપીમાં હોય રાજામાં હોય કે રંકમાં બધામાં એકરસ રહેવાવાળો છે. કોઈથી બંધાતો નથી.

'एकस्तथा सर्वभूतान्तरात्मा न लिप्यते लोकदु:खेन बाह्य।'

કે બાહ્ય દુઃખોથી આત્મા કોઈ દિ' લેપાયમાન થતો નથી. જે બહાર દુઃખ આવે શરીરમાં ટાઢ-તડકો, ભૂખ-તરસ લાગે એને આત્માને કોઈ સબંધ થતો

નથી. પણ અજ્ઞાનતાથી જીવ માની લે કે 'હું દુઃખી થયો' એ અજ્ઞાનતા કાઢવી જોઈએ. જે કાંઈ થાય એની સાથે હું ને ન રાખવું જે (કાંઈ) ન થાય એની સાથે 'હું' સબંધ રાખવો. વધે-ઘટે એને હું ન માનવું. જે વધેય નહિ ને ઘટેય નહિ એને હું સમજીને રહેવું તો બંધનોમાંથી છૂટી જવાશે.

आत्मा की असङ्गता

सूर्योयथा सर्वलोकस्य चक्षुर्न
लिप्यते चाक्षुषैर्बाह्यदोषैः।
एकस्तथा सर्वभूतान्तरात्मा
न लिप्यते लोकदुःखेन बाह्यः ॥ २-२-११ ॥

ત્રીજું દ્રષ્ટાંત સૂર્યનું બતાવે છે. ધ્યાનથી સાંભળો. કે એક જ સૂર્ય બધે છે. વાયુમાં તો પાછું વળી એમ થાય કે કયાંક વાયુ ઉગમણો હશે ને કયાંક... પણ સૂર્ય તો બધે એક છે. એ બધાને ખબર છે તો એક સૂર્ય જેમ બધે જ ઊગે છે અને ઊગ્યા પછી કોઈ મંદિરે જાય છે અને કોઈ બીજે ગમે ત્યાં કતલ ખાને જાય ને કોઈ માછલા મારવા જાય ને કોઈ ખેતી-વ્યાપાર કરવા જાય ને કોઈ બીજે કામો કરવા જાય. તો સૂર્ય ઊગવાથી બધાને પ્રવૃત્તિ ચાલુ થઈ. તો હવે, સૂર્યને પૂણ્ય નહિ ને પાપ ય નહિ. કેમ કે સૂર્ય કોઈને મંદિરે જાવ એમ નથી કહેતો ને સૂર્ય કોઈને કતલખાને જાવ એમય કહેતો નથી. સૂર્ય તો પ્રકાશ આપે છે. એમ આ શરીરમાં રહેલો જે આત્મા છેને એ બધાને પ્રકાશ પ્રદાન કરે છે. એને લઈને આંખ સારું જોવે કે મોળું જોવે કોઈ સારે રસ્તે ચાલે કે ખોટે રસ્તે ચાલે એમાં આત્માને કાંઈ એની હારે સાચો સબંધ નથી. એટલે મેં કર્યુ ને હું કરું છું ને મને થયું એમ માને એ અજ્ઞાની જીવો છે અને એને લઈને જીવો દુઃખી થયા કરે છે. જેને 'હું' જ માનવું છે એ આત્મા શુદ્ધ છે. એમ સમજવું અને જ્યાં સુધી શુદ્ધની સાથે હું નહિ રાખો મુક્તની સાથે હું નહિ રાખો ત્યાં સુધી બંધનમાં પડયા રહેશો. એટલે અહીં કહે છે કે આત્મા સૂર્ય સમાન છે. એટલું ધ્યાનથી યાદ રાખો. 'સૂર્ય' એ ઉપમા આપી (આત્માને) કે સૂર્ય જેમ અસંગ રહે છે. એમ આત્મા પણ અસંગ છે. સર્વની અંદર રહેવા છતાં સર્વથી ન્યારો છે એટલે સૂર્યને જેમ બહારનું પુણ્ય-પાપ બંધન કરતું નથી એમ તમારા આત્માને પણ પુણ્ય-પાપ બંધન કરતું નથી.

आत्मदर्शी ही नित्य सुखी है

एको वशी सर्वभूतान्तरात्मा
एकं रूपं बहुधा यः करोति।
तमात्मस्थं येऽनुपश्यन्ति धीरा-
स्तेषां सुखं शाश्वतं नेतरेषाम् ॥ २-२-१२ ॥

'एको वशी' એ એક છે અને આખા વિશ્વને વશમાં કરવાની શક્તિવાળો છે પછી 'सर्वभूतान्त-रात्मा' કે જે સર્વ ભૂતોની અંદર આત્મા રૂપે રહેલો છે એકલા આપણા જ શરીરમાં છે એમ નહિ સર્વની અંદર હોય એનું નામ જ આત્મા પરમાત્મા છે અને એક હોવા છતાં 'बहुधा यः करोति' એક હોવા છતાં બહુ પ્રકારથી કરી (બની) શકે છે. અને 'तमात्मस्थं युऽनुपश्यन्ति धीरा' એ જ પરમાત્મા જે છે એ આત્મા રૂપે છે એમ જે ધીર પુરુષો સમજી જાય 'स्तेषां सुखं शाश्वतं' એને શાશ્વત સુખ છે. 'नेतरेषाम्' બીજા જીવો જેને શાશ્વત સુખ થતું નથી. એટલા માટે પરમાત્માને આત્મા સમજવા પરમાત્માને પોતાનાથી જુદા ન સમજવા.

**તારે ઠેકાણે પ્રભુને ઠરાવજે,**
**એવું સમજે તો મહા સુખ થાય,**
**બીજો નથી બોલતો.**

(સ્વામી પ્રીતમદાસજી)

તો જેને હું હું કરે છે. એ સ્થાને પરમાત્મા છે એવો અભ્યાસ કરવાથી મહાન સુખના ભાગીદાર થાય છે. એને અખંડ સુખ શાશ્વત સુખની અનૂભુતી થાય છે. બીજા જીવો તો દેહ દ્રષ્ટિ કરવા વાળાને ઘડીકમાં સુખને થોડીવારમાં દુઃખ કેમ કે એને હરખ ને શોક હરખ શોક આવ્યા કરે છે. જયાં આત્માને હું સમજે બ્રહ્મને હું સમજે એ સર્વથા મુક્ત થઈ જાય છે સર્વ દુઃખોથી છૂટી જાય છે. તો આ રીતે ઘણાં દ્રષ્ટાંતો દ્વારા સમજાવ્યા પછી કહે છે.

नित्योऽनित्यानां चेतनश्वतनाना-
मेको बहूनां यो विदधाति कामान्।
तमात्मस्थं येऽनुपश्यन्ति धीरा-
स्तेषां शान्तिः शाश्वती नेतरेषाम् ॥ २-२-१३ ॥

**(ક્રમશઃ)**

ૐ શ્રી સચ્ચિદાનન્દાય નમઃ

પરમાર્થ તત્ત્વ પોતે અકર્તા છે પરંતુ સુસેણે જેને જીવીત કરવા સંજીવની બુટ્ટી આપી એ શરીર છે. શરીર દશામાં દેહ દૃષ્ટિ એ વ્યવહારમાં જીવ, જીવ જ કહેવાય છે તેથી બ્રહ્મવિદ્યા દ્વારા આત્મસુખ લઈ શકાય છે. પરંતુ સંસારનું દેહનું સુખ નથી લેવાનું. માટે દેહનું દુઃખ દૂર કરવાં દેહના ધર્મો પાળવા પડે. એટલે સૂર્ય ઉદય થાય તે પહેલાં સંજીવની બુટ્ટી લાવે તો લક્ષ્મણ જીવિત થઈ શકે નહીંતર અસંભવ. આનો અર્થ એ સમજવો કે જ્ઞાનરૂપી ભાણ ઉદય થઈ જાય તો પછી જીવદશા પુનઃ પ્રાપ્ત ન થઈ શકે માટે આપણા પ્રારબ્ધનાં જે અધૂરા કાર્ય અને સાથે આપણી અધુરી સાધના જ્યાં સુધી પુરી ન થાય ત્યાં સુધી સાધનાભૂત શરીર દ્વાર પ્રભુ કૃપાયે હનુમાન રૂપી મન આપણા સમગ્ર કાર્ય પૂર્તિમાં સહયોગ આપે છે અને લક્ષ્મણરૂપી જીવને પરાવિદ્યાના અનુભવે ઈશ્વર રામના સહયોગથી અપરા વિદ્યાના અહંકારી મેઘનાદ, ઈન્દ્રજાતનો વધ કરી પૂર્ણતા અનુભવે છે.

**રઘુપતિ કીન્હી બહુત બડાઈ ।**
**તુમ મમપ્રિય ભરત સમ ભાઈ ॥**

રઘુપતિ જે સાક્ષાત્ ઈશ્વર પ્રભુ છે તે રામ બહુ બડાઈ, પ્રશંસા કરતા કહે છે કે હે હનુમાન તું મારા ભાઈ ભરત સમાન છો આનો અર્થ ભરત જે રીતે મારી ગાદી મારું પદ અયોધ્યાનું સંભાળે છે. મારા પદ ઉપર છે છતાં ત્યાં મારા પદથી સત્તાથી દૂર રહી મારી ફરજ અદા કરે છે. તેથી હે હનુમાન દ્વારા કાર્ય કરનાર મારા ભાઈ ભરત સમાન તું છે.

એમ પણ કહી શકાય જ્યારે હનુમાન દ્રોણગિરિ પર્વત ઉપાડીને આવતા હતા ત્યારે તેના મનમાં અહં આવ્યો કે હું ન હોત તો સૂર્યોદય પહેલાં કોણ સંજીવની લઈને જાત ત્યારે ભરતે તેને બાણ મારીને રસ્તો રોક્યો કે અયોધ્યામાં સંકટ હોય તેમ લાગે છે કે આવો કોઈ મોટો પહાડ લઈને કોણ જાય છે તેથી તેને રોક્યો ત્યારે ખબર પડી કે પ્રભુ રામકાર્યમાં છે તેથી સૂર્યોદય પહેલાં ભરતનાં બાણથી ત્યાં પહોંચાડવામાં આવે છે. ત્યારે હનુમાનને મનમાં કદાચ શંકા રહી જાય કે આ કામ ભરતે કર્યું. મેં નહીં, ત્યારે પ્રભુ કહે જે અહંકાર રહિત કોઈ પણ મારા કાર્ય કરે તે મારા ભાઈ ભરત સમાન છે. જે કેવલ નિમિત્ત બનીને રાજ ચલાવે છે. ગાદી ઉપર પ્રભુ રામની ચરણપાદુકા રાખીને સમર્પણથી રાજ કરે છે.

**સહસ્ત્ર બદન તુમ્હરો જશ ગાવૈ ।**
**અસ કહિ શ્રીપતિ કંઠ લગાવૈ ॥**

જો કોઈ આવાં સમર્પણનાં કાર્યો કરે છે તેને પ્રભુ ઈશ્વર પરમાત્મા સ્વમુખે કહે છે કે હનુમાન હજારોમુખથી તારા વખાણ કરવામાં આવે એવાં તે કાર્યો કર્યાં છે એમ કહીને પોતાનાં ગળે લગાવે છે. માટે પ્રભુને વાલા થવું હોય તો અહંકાર રહિત કામો કરવાં.

**સનકાદિક બ્રહ્માદિ મુનીસા ।**
**નારદ સારદ સહિત અહિસા ॥**
**જમકુબેર દિગપાલ જહાં તે ।**
**કબિ કોબિદ કહિ સકે કહા તે ॥**

હે હનુમાનજી આપના આવા કાર્યોના વખાણ કોઈ પણ ન કરી શકે. પછી ભલે સનક, સનંદન, આદિ, બ્રહ્મા, વિષ્ણુ, મહેશ આદિ તથા મુનિગણ નારદ, શારદ, સહિત જમ, કુબેર દિગપાલ કોઈ પણ હોય કર્તાપણાનાં ત્યાગથી કાર્ય જે નિષ્કામભાવે કર્મ કરવામાં આવે છે. ત્યાગ અને સમર્પણ તેની મહિમા કોઈ પણ ન કહી શકે.

**તુમ ઉપકાર સુગ્રીવહિ કિન્હા ।**
**રામ મિલાય રાજ પદ દિન્હા ॥**
**તુમ્હારો મંત્ર બિભીષન માના ।**
**લંકેશ્વર ભએ સબ જગ જાના ॥**(ક્રમશઃ)

ૐ શ્રી સચ્ચિદાનન્દાય નમઃ

(ગતાંકથી ચાલુ)

ઋષિના હાડકામાંથી બનાવેલ વજ્રથી ઈન્દ્ર વૃત્રાસુરને મારે છે. વૃત્રાસુર ભગવાનની સ્તુતિ કરે છે. વૃત્રાસુર આગલા જન્મમાં પાર્ષદ ચિત્રકેતુ હતો. માતા પાર્વતીના શ્રાપથી અસુર યોનીમાં જન્મ થયો હતો. શ્રી હરિએ તેનો ઉદ્ધાર કર્યો શરીરમાંથી તેજ નીકળી હરિરૂપમાં લીન થઈ ગયું.

**અલખ નિરંજન જય સચ્ચિદાનંદ માધવાનંદ હરે હરે !**

**માધવાનંદ હરે હરે ગુરૂ માધવાનંદ હરે હરે!!**

પૃથ્વી ઉપર અસુરોનો ભાર ત્રાસ વધ્યો. લોકોને બહુ ત્રાસ થવા લાગ્યો. ધરતીથી આ સહન ના થયું. ગાયનું રૂપ લઈ ધરતી બ્રહ્માજીના ચરણે આવ્યા. ધરતીમાતા, દેવો અને બ્રહ્માજી સઘળા પરમાત્મા પાસે બ્રહ્મલોકમાં આવી પ્રાર્થના કરી, હે! નાથ પૃથ્વી ઉપર અધર્મનો ભાર વધી ગયો છે. અવતાર ધારણ કરી મારી ઉપરનો ભાર ઉતારો. પરમાત્માએ આશ્વાસન આપ્યું. ''થોડા સમય પછી હું વસુદેવ-દેવકીને ઘેર પ્રગટ થઈશ. તમો નચિંત થઈ જાઓ. શ્રાવણ વદ આઠમની બરાબર મધ્યરાત્રિએ કારાવાસમાં કૃષ્ણ ભગવાનનો જન્મ થયો. ''મને ગોકુળમાં નંદને ત્યાં મુકી આવો અને ત્યાં યશોદાને કુખે જન્મેલી બાળકીને અહીં લાવો.'' કારાવાસના દ્વાર આપોઆપ ખૂલી જાય છે. વસુદેવ છાબડીમાં બાલ કૃષ્ણને બેસાડી ગોકુળ આવે છે. યમુનામૈયા બે કાંઠે વહે છે. ભગવાનના ચરણારવિંદનો સ્પર્શ થતાં જ યમુના માર્ગ કરી આપે છે. શેષનાગ બાળ કૃષ્ણ ઉપર ફેણ માંડી રક્ષા કરે છે. વસુદેવ ગોકુળમાં આવ્યા, યશોદામા ઉંઘમાં હતા. પડખામાં બાળ કૃષ્ણને સુવરાવી બાળકી લઈ પાછા મથુરામાં આવ્યા. કારાગૃહના દ્વાર આપો આપ બંધ થઈ જાય છે.

સવાર પડતા બાળકીના રૂદનનો અવાજ સિપાઈઓને સંભળાયો. બાળક જન્મની ખબર કંસને કરી, કંસે આવી બાળકીને શિલા સાથે પછાડી. ત્યારે બાળકી યોગમાયાએ કંસને ચેતવણી આપી કે, ''તારો વેરી તો ગોકુળમાં જન્મી ચૂક્યો છે. તારા પાપનો ઘડો ભરાઈ ચૂક્યો છે. તે હવે જરૂર ફૂટશે.

જશોદામાને ત્યાં પુત્રનો જન્મ સાંભળી આખા ગોકુળમાં આનંદ છવાઈ ગયો. ''નંદ ઘેર, આનંદ ભયો જય કનૈયા લાલકી.'' ના નારાથી આકાશ છવાઈ ગયું. નંદરાય બહુ દાન આપે છે. સર્વ ગોપાળ અને ગોપીઓ નંદને ઘેર આવે છે.

ગોકુળમાં કૃષ્ણ ભગવાન મોટા થતાં જાય છે. મથુરાનો રાજા કંસ કૃષ્ણને મારવા અનેક ષડયંત્ર રચે છે. કારણ તેની બહેન દેવકીના લગ્ન વખતે આકાશવાણી થઈ હતી કે ''આઠમો ગર્ભ કંસનો કાળ કરશે.''

કંસે કૃષ્ણને મારવા માટે માસી પુતનાને મોકલી પરંતુ પોતે મરી ગઈ. અનેક અસુરો શકટાસુર, તૃણાવર્ત વત્સાસુર વગેરેને મોકલ્યા પરંતુ કોઈનું જોર ચાલ્યું નહીં. બધા અસુરોને ભગવાને હણ્યા. મામા કંસનો પણ નાશ કરી રાજ્ય ઉગ્રસેનને આપી મથુરાનગરીને આબાદ બનાવી સુદામાના તાંદુલ ખાઈને અનેક સંપત્તિ આપી મિત્રધર્મ બજાવ્યો. નેપાળમાં નરકાસુરે કારાગૃહમાં કેદ કરેલી સોળ હજાર એકસો કુમારિકાઓને બંધનમાંથી મુક્ત કરાવી. સ્ત્રી રક્ષા કરી. યમુના

નદીમાં એક પાણીનો ધરો હતો. તેમાં કાળીનાગ રહેતો હોવાથી પાણી ઝેરવાળું રહેતું. કૃષ્ણને લાગ્યું કે, યમુનાનું પાણી શુદ્ધ રહેવું જોઈએ, ધરામાં જઈ કાળીનાગને નાથ્યો. પાણી પીવા જેવું બનાવી ગોકુળને સુખ આપ્યું.

નંદ રાજા દર વર્ષ ઈન્દ્રને પ્રસન્ન કરવા યજ્ઞ કરતાં. કૃષ્ણ કહે છે. ઈન્દ્ર યજ્ઞને કારણે અભીમાની થયો છે. આપણી ગાયો તો ગોવર્ધન પર્વત પર ચરે છે. માટે આ પર્વતની પુજા કરી યજ્ઞ કરો. ઈંદ્રે બાર મેઘ વરસાવી ગોકુળને હેરાન કરવા ઘણા પ્રયત્નો કર્યા. ટચલી આંગળીએ ગોવર્ધન ધારણ કરી ઈન્દ્રનું અભીમાન ઉતાર્યું. પાંડવને ડગલે ને પગલે સહાય કરી ને યજ્ઞમાં એંઠા પતરાવળા ઉપાડી સેવા ધર્મ શીખવ્યો.

કુરૂક્ષેત્રના યુદ્ધમાં અર્જુનનો રથ હાંકીને સારથી બન્યા. દ્રૌપદીના નવસો નવાણું ચીર પુરી પોતાના માથેનું ઋણ ઉતાર્યું. અર્જુનને આત્મજ્ઞાન આપી ગીતા સંભળાવી. આવા પરમ હિતકારી કૃષ્ણ ભગવાને ઉદ્ધવજીને જ્ઞાનનો ઉપદેશ આપ્યો.

એક સમયે જરા નામનો પારધી બાણ લઈ શિકાર કરવા નીકળેલો. જેણે મુશળની કટકીમાંથી બાણનું ફાળ બનાવેલું. તેણે મૃગના મુખ સરખા આકારવાળા ભગવાનના ચરણને અજાણમાંથી મૃગ સમજી બાણથી વીંધી નાખ્યા. પારધીને પસ્તાવો થયો. કે મારું બાણ કોઈક માનવને લાગ્યું છે. ભગવાન પાસે આવી ક્ષમા માગી - હે નિર્દોષ પ્રભુ! મેં પાપીએ આ કામ અજાણતા કર્યું છે. મને ક્ષમા કરો. ભગવાન શ્રીકૃષ્ણે કહ્યું. હે જરા પારધી! તું ડર મા ઊભો થા તારૂ આ કાર્ય મારી ઈચ્છાથી જ થયું છે. ભગવાન શ્રીકૃષ્ણે આજ્ઞા કરી એટલે જરા પારધિ ભગવાનને ત્રણ પ્રદક્ષિણા કરી પ્રણામ કરી ત્યાં આવેલા દેવ વિમાનમાં બેસી સ્વર્ગમાં ગયો -

**વસુદેવ સુતં દેવં કંસ ચાણુર મર્દનમ્ -**

પરમહંસ શુકદેવજી રાજા પરીક્ષિતને કહે છે. હે રાજન! તારો અંતકાળ નજીકમાં છે. હૃદયમાં સચ્ચિદાનંદ પરમાત્માનું સ્મરણ કરી લે. તો પરમગતિને પામશે. જન્મ મરણ શરીરના ધર્મ છે. ''હું શરીર'' ''મારૂ શરીર'' ''હું મરી જઈશ'' આવી પશુબુદ્ધિ છોડી દો અને હું સચ્ચિદાનંદ સ્વરૂપ પરમાત્મા છું. મારે જન્મ નથી મરણ નથી સુખ નથી, દુઃખ નથી. આત્મા અમર, અસંગ, અવીનાશી છે.

**ન મે મૃત્યુશંકા ન મે જાતિભેદાઃ**
**પિતા નૈવ મે નૈવ માતા ન જન્મ !**
**ન બંધુર્ન મિત્રં ગુરૂનૈવ શિષ્યઃ**
**ચિદાનંદ રૂપઃ શિવોઽહમ્ શિવોઽહમ્ ॥**

શુકદેવજીએ આવો આત્મ તત્વનો બોધ આપી પરીક્ષિતનો મોક્ષ સુધાર્યો.

આ પતિત પાવની ભાગવતની કથા સર્વે શ્રોતાઓ સાંભળી મનન કરી જીવનમાં ઉતારશો, તો જીવન ખરેખર સત્યમ્ શિવમ્ સુંદરમ્ બનશે. શ્રી સચ્ચિદાનંદ પરમાત્મા સૌનું કલ્યાણ કરે-

**સર્વેત્ર સુખીનઃ સન્તુ, સર્વે સન્તુ નિરામયાઃ !**
**સર્વે ભદ્રાણી પશ્યન્તુ, માકશ્ચિત્**
**દુઃખમભાગ્ભવેત્ ॥** ૐ શાંતિ શાંતિ શાંતિ

**॥ શ્રધ્ધાંજલી ॥**

ગામ પીપરીયા (ભીમનાથ) સ્વ. વિઠ્ઠલભાઈ ઓધવજીભાઈ દિયોરા (ઉંમર વર્ષ ૭૮) સંવત ૨૦૭૩ ભાદરવા વદ-દસમ તા. ૧૫-૯-'૧૭ ને શુક્રવારના રોજ માધવ શરણ પામેલ છે. સદ્ગુરુ ભગવાન સ્વર્ગસ્થના જીવાત્માને પરમ શાંતિ આપે.

શ્રી માધવ પરિવાર વતી વેદ રહસ્ય કમિટિ શ્રધ્ધાંજલી અર્પે છે.

ॐ શ્રી સચ્ચિદાનન્દાય નમઃ

**ચેતન જીવાત્મા અને જડ પ્રકૃતિ -**

બન્નેનો સ્વભાવ ભિન્ન-ભિન્ન છે. ચેતન સ્વાભાવિક જ નિર્વિકાર અર્થાત્ પરિવર્તન રહિત છે અને પ્રકૃતિ સ્વાભાવિક જ વિકારી અર્થાત્ પરિવર્તનશીલ છે. આથી આ બન્નેનો સ્વભાવ ભિન્ન-ભિન્ન હોવાથી આમનો સંબંધ સ્વાભાવિક નથી. પરંતુ ચેતને પ્રકૃતિની સાથે પોતાનો સંબંધ માનીને એ સંબંધની સદ્‌ભાવના કરી લીધી છે. અર્થાત્ 'સંબંધ' છે. એવું માની લીધું છે આને જ ગુણોનો સંગ કહે છે.

જે જીવાત્માનું ઊંચ-નીચ યોનિઓમાં જન્મ લેવાનું કારણ છે.

**'કારણં ગુણસઙ્ગોऽસ્ય સદ્સદ્યોનિજન્મસુ'**

ગીતા અ. ૧૩/૨૧

આ સંગને કારણે, ગુણોના ઓછા-વત્તાપણાથી જીવનો બ્રાહ્મણ વગેરે વર્ણમાં જન્મ થાય છે. ગુણોના તારતમ્યથી જે વર્ણમાં જન્મ થાય છે, તે ગુણોનાં અનુસાર જ તે વર્ણનાં કર્મો સ્વાભાવિક, સહજ હોય છે. જેમકે - બ્રાહ્મણને માટે શમ, દમ વગેરે

**શમો દમસ્તપઃ શૌચં ક્ષાન્તિરાર્જવમેવ ચ ।**
**જ્ઞાનં વિજ્ઞાનમાસ્તિક્યં બ્રહ્મકર્મ સ્વભાવજમ્**

ગીતા અ. ૧૮/૪૨

ચારેય વર્ણોની રચના ગુણ અને કર્મના વિભાગ પ્રમાણે ભગવાને કરી છે. ચારેય વર્ણોને કર્મ સ્વભાવથી ઉત્પન્ન થયેલા ત્રણે ગુણો દ્વારા વિભક્ત કરવામાં આવ્યા છે.-'સ્વભાવપ્રભવૈ ગુણૈઃ'

ચોથા અધ્યાયમાં તો ચારે વર્ણોના પેદા થવાની વાત છે અને અહીં ચારેવર્ણોના કર્મની વાત છે. તાત્પર્ય છે, ચોથા અધ્યાયમાં ભગવાને કહ્યું છે કે. ચારે વર્ણોનો જન્મ પૂર્વજન્મના ગુણ કર્મો અનુસાર થયો છે અને અહીં કહે છે કે જન્મ થયા પછી ચારે વર્ણોના અમૂક-અમૂક કર્મ હોવા જોઈએ. તે પ્રમાણે આગળ ગતિ થશે.

તેમાં પહેલાં બ્રાહ્મણના સ્વાભાવિક કર્મો બતાવે છે. મનનો નિગ્રહ કરવો, ઈન્દ્રિયોને વશમાં કરવી, ધર્મના પાલન કાજે કષ્ટ સહેવું. બાહ્ય-ભીતરથી શુદ્ધ રહેવું, બીજાના અપરાધોને ક્ષમા આપવી, શરીર-મન-વગેરેમાં સરળતા રાખવી, વેદ-શાસ્ત્રોનું જ્ઞાન હોવું, યજ્ઞવિધિને અનુભવમાં લાવવી અને વેદો, શાસ્ત્રો, ઈશ્વર આદિમાં શ્રધ્ધા રાખવી, આ બધાંજ બ્રાહ્મણના સ્વાભાવિક કર્મો છે. હવે ક્ષત્રિયનાં સ્વાભાવિક કર્મો બતાવે છે.

શૂરવિરતા તેજ, ધૈર્ય, રાજ્ય-કારોબારમાં નિપુણતા તથા યુધ્ધમાં પણ પીઠ ન દેખાડવી, દાન આપવું અને શાસન કરવાનો ભાવ, આ બધાંજ ક્ષત્રિયનાં સ્વાભાવિક કર્મો છે.

જે પ્રજા માત્રની દુઃખોથી રક્ષા કરે, તેનું નામ ક્ષત્રિય છે. હવે વૈશ્ય અને શુદ્રોનાં સ્વાભાવિક કર્મો બતાવે છે. ખેતી, ગૌપાલન અને વેપાર-વાણિજ્ય આ બધા વૈશ્યનાં સ્વાભાવિક કર્મો છે. ખેતી કરવી, ગાયોની રક્ષા કરવી, તેમની વંશવૃદ્ધિ કરવી અને શુદ્ધ વેપાર કરવો. આ કર્મો વૈશ્યમાં સ્વાભાવિક હોય છે.

શુદ્ધ વેપાર કરવાનું તાત્પર્ય છે. જે સ્થળમાં, જે સમયે, જે વસ્તુની આવશ્યકતા હોય, લોકોના હિતની ભાવનાથી તે વસ્તુને (જ્યાં તે મળતી હોય, ત્યાંથી લાવીને) તે જ સ્થળે પહોંચાડવી, પ્રજાની આવશ્યકતા વસ્તુઓના અભાવની પૂર્તિ કરવી. વસ્તુઓના અભાવમાં કોઈને કષ્ટ ન થાય. આવા ભાવથી સચ્ચાઈની સાથે વસ્તુઓનું વિતરણ કરવું,

પશુઓની રક્ષા કરવી ઓછામાં ઓછું ગાયોનું પાલન અને તેમની રક્ષા જરૂર કરજો. એટલા માટે વૈશ્ય સમાજે ગાયોની રક્ષામાં પોતાનું તન-મન-ધન અર્પણ કરી દેવું જોઈએ, તેમની રક્ષા કરવામાં પોતાની શક્તિ બચાવીને ન રાખે.

હવે શુદ્રોનાં સ્વાભાવિક કર્મો છે, ચારે વર્ણોની સેવા કરવી એ શુદ્રનું પણ સ્વાભાવિક કર્મ છે. શુદ્રને માટે કેવળ સેવા.

આ કર્મો આપમેળે સ્વાભાવિક હોય છે. તાત્પર્ય એ છે કે ચારેય વર્ણોને આ કર્મો કરવામાં પરિશ્રમ નથી થતો, કેમકે ગુણોના અનુસાર સ્વભાવ અને સ્વભાવના અનુસાર તેઓને માટે કર્મોનું વિધાન છે. એટલા માટે તે કર્મોમાં તેમની સ્વાભાવિક જ રુચિ થાય છે. મનુષ્ય આ સ્વાભાવિક કર્મોને જ્યારે પોતાને માટે અર્થાત્ પોતાનાં સ્વાર્થ, ભોગ અને આરામને માટે કરે છે, ત્યારે તે તે કર્મોથી બંધાઈ જાય છે, જ્યારે તે જ કર્મોને સ્વાર્થ અને અભિમાનનો ત્યાગ કરીને નિષ્કામભાવપૂર્વક સંસારના હિતને માટે જ કરે છે. ત્યારે 'કર્મયોગ' થઈ જાય છે અને તે જ કર્મોથી સકળ સંસારમાં વ્યાપક પરમાત્માનું પૂજન કરે છે અથવા ભગવત્પરાયણ થઈને કેવળ ભગવત્સંબંધી કર્મો (જપ, ધ્યાન, સત્સંગ, સ્વાધ્યાય વગેરે) કરે છે, ત્યારે તે 'ભક્તિયોગ' બની જાય છે. પછી પ્રકૃતિના ગુણોનો સર્વથા સંબંધ વિચ્છેદ થઈ જતાં કેવળ એક પરમાત્મતત્ત્વજ રહી જાય છે. પ્રભુની તરફ આકૃષ્ટ થવાથી પ્રતિક્ષણે પ્રેમ વધતો રહે છે, જે અનંત આનંદસ્વરૂપ છે.

જીવને ઊંચનીચ યોનિઓમાં જેટલાં પણ શરીરો મળે છે, તે બધાં ગુણ અને કર્મના અનુસાર જ મળે છે. ગુણ અને કર્મનાં અનુસાર જ મનુષ્યનો જન્મ થાય છે. એટલા માટે મનુષ્યની જાતિ જન્મથી જ માનવામાં આવે છે.

આથી સ્થૂળશરીરની દૃષ્ટિએ લગ્ન, ભોજન વગેરે કર્મો જન્મની પ્રધાનતાથી જ કરવાં જોઈએ, અર્થાત્ પોતાની જાતિ કે વર્ણનાં અનુસાર જ ભોજન, લગ્ન વગેરે કર્મો થવાં જોઈએ.

બીજી વાત, જે પ્રાણીનો સાંસારિક ભોગ, ધન, માન, મોભો, સુખ વગેરેનો ઉદ્દેશ્ય હોય તેને માટે વર્ણના નિયત કર્તવ્ય કર્મો કરવાં અને વર્ણની મર્યાદામાં રહેવું આવશ્યક બની જાય છે. જો તે વર્ણની મર્યાદા પ્રમાણે નથી વર્તતો તો તેનું પતન થઈ જાય છે.

આજે જે સમુદાયમાં જાતિગત, કુળ પરંપરાગત, સમાજગત અને વ્યક્તિગત જે પણ શાસ્ત્ર વિપરીત દોષો આવ્યા છે, તેમને પોતાના વિવેકવિચાર, સત્સંગ, સ્વાધ્યાય વગેરેના દ્વારા દૂર કરીને પોતાનામાં સ્વચ્છતા, નિર્મળતા અને પવિત્રતા લાવવાં જોઈએ, જેથી પોતાના મનુષ્ય જન્મનું ધ્યેય સિધ્ધ થઈ શકે.

ઉચ્ચ અને પરમધ્યેય શ્રી પરમાત્માનું જ રાખવું જોઈએ. પોતપોતાના (સ્વાભાવિક) કર્મોમાં પ્રેમપૂર્વક જોડાયેલો માણસ ભગવત્પ્રાપ્તિરૂપી પરમ સિધ્ધને પામી જાય છે. પોતાના કર્મમાં જોડાયેલો માણસ જે રીતે કર્મ કરીને પરમ સિધ્ધિને પામે છે. એ ઉપાયને તું સાંભળ.

કર્મોમાં એકતો 'અભિરતિ' થાય છે અને એક 'આસક્તિ' થાય છે. પોતાનાં સ્વાભાવિક કર્મોને કેવળ બીજાઓના હિતને માટે તત્પરતા અને ઉત્સાહપૂર્વક કરવાથી અર્થાત્ કેવળ આપવાને માટે કર્મો કરવાથી મનમાં જે પ્રસન્નતા થાય છે, તેનું નામ 'અભિરતિ' છે. ફળની ઈચ્છાથી કંઈક કરવું અર્થાત્ કંઈક મેળવવાને માટે કર્મ કરવું એ 'આસક્તિ' છે.

કર્મોમાં 'અભિરતિ' થી કલ્યાણ થાય છે અને આસક્તિથી બંધન થાય છે. બધાં કર્મો

આસક્તિરહિત થઈને જ કરવાં જોઈએ.

**યતઃ પ્રવૃત્તિર્ભૂતાનાં યેન સર્વમિદં તતમ્ ।**
**સ્વકર્મણા તમભ્યર્ચ્ય સિદ્ધિં વિન્દતિ માનવઃ**

ગીતા અ. ૧૮/૪૬

જે પરમેશ્વરથી સઘળાં પ્રાણીઓની ઉત્પત્તિ થાય છે અને જેનાથી આ આખું જગત વ્યાપ્ત છે, એ પરમેશ્વરની પોતાના સ્વાભાવિક કર્મો વડે પૂજા કરીને માણસમાત્ર પરમસિધ્ધીને પ્રાપ્ત થઈ જાય છે.

જે પરમાત્મથી સંસાર પેદા થયો છે. જેનાથી સઘળા સંસારનું સંચાલન થાય છે. જેઓની અધ્યક્ષતામાં સંસારની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય થાય છે. જે બધાના ઉત્પાદક, આધાર અને પ્રકાશક છે. અને જે બધામાં પરિપૂર્ણ છે. અર્થાત્ જે પરમાત્મા અનંત બ્રહ્માડોની ઉત્પત્તિની પહેલાં પણ હતા અને જે અનંત બ્રહ્માંડોના લીન થવા છતાં પણ રહેશે અને અનંત બ્રહ્માંડોમા રહેતાં પણ જે રહે છે તથા જે અનંત બ્રહ્માંડોના વ્યાપ્ત છે, તે જ પરમાત્માનું પોતપોતાનાં સ્વભાવ જ (વર્ણોચિત સ્વાભાવિક) કર્મો દ્વારા પૂજન કરવું જોઈએ.

પોતાના સ્વભાવજ કર્મો દ્વારા પૂજા કરવાથી પૂજકનો ભાવ વધી જાય છે. તો તેના સ્થૂળ , સૂક્ષ્મ અને કારણ-શરીરથી થવાવાળી (ચેષ્ટા, ચિંતન, સમાધિ વગેરે) બધી જ નાનીમોટી ક્રિયાઓ બધાં પ્રાણીઓમાં વ્યાપક પરમાત્માની પૂજન-સામગ્રી બની જાય છે. તેની દિનચર્યા અર્થાત્ જાગવું, શૌચવિધી કરવી, સ્નાન કરવું, વસ્ત્રો પહેરવાં, આભૂષણ પહેરવાં તથા ખાવું-પીવું તથા હરવું-ફરવું. આત્મચિંતન કરવું વગેરે બધી જ ક્રિયાઓ પણ પૂજન-સામગ્રી બની જાય છે.

**જો આપે ભજીએ બ્રહ્મરૂપ તો બ્રહ્મને ભાળીએ જીરે,**
**મૂળદાસ કહે માહનિધ્ય કે વસ્તુ નિહાળીએ જી રે**
**''પોતે પોતામાં, પોતે પરિબ્રહ્મમાં''**

આ સંસાર ભગવાનનો પહેલો અવતાર છે- **'આદ્યોઽવતારઃ પુરુષઃ પરસ્ય'** (શ્રીમદ્ભા. ૨/૬/૪૧). તેથી આ સંસાર ભગવાનની જ મૂર્તિ છે. ભગવાનનો શ્રી વિગ્રહ છે. જેમ મૂર્તિમાં આપણે ભગવાનની પૂજા કરીએ છીએ, ફૂલ ચડાવીએ છીએ, ચંદન લગાડીએ છીએ, ત્યારે આપણો ભાવ મૂર્તિમાં ન હોઈને ભગવાનમાં હોય છે અર્થાત્ આપણે મૂર્તિની નહિ પણ ભગવાનની પૂજા કરીએ છીએ. આ જ પ્રમાણે આપણે આપણી બધી (શારીરીક) ક્રિયાઓ વડે સંસારરૂપમાં ભગવાનનું પૂજન કરવાનું છે. દૃષ્ટિ હંમેશા ભગવાન તરફ જ હોવી જોઈએ. તેથી આ જગતમાં 'જગદીશ' ને જ જોવો જોઈએ. જગત નહિં. અસ્તુ.

## શબ્દોની કિંમત

**દિનેશ એન. લાઠિયા**
**(જરીયા)**

**ૐ શ્રી સચ્ચિદાનન્દાય નમઃ**

શબ્દો ઉપર માણસ જાન આપવા પણ તૈયાર થાય છે અને શબ્દોના કારણે જ માણસ જીવ પણ લઈ લે છે. આ દુનિયાની અંદર મોટા ભાગની મારામારીમાં જોશો તો શબ્દો-વાણી જ હશે. મહાભારત અને રામાયણ શેને લઈને થઈ છે. દ્રૌપદીએ દુર્યોધનને કહ્યું કે- 'અંધના અંધજ હોય' તેને લઈને મહાભારત સર્જાયું.

આપણા ઘરમાં શેને લઈને મહાભારત અને રામાયણ થાય છે? આજ શબ્દો આપણે સારી રીતે રજૂ કરો. કોઈને પ્રોત્સાહિત કરો તો તે માણસ

આપણા માટે જાન લઈ આપી દેશે અને જેમ તેમ કોઈને બોલીએ તો જાન પણ લેશે. એકની વાણી લાખ લે અને એક લાકડીઓ ખાય, એક પરદેશ ગયો ને વિસરે અને એક પાસે બેઠો ના પોસાય. આ ભેદ વાણીને લઈને જ પડ્યા છે. તેથી વાણીને કંટ્રોલમાં રાખવાની ખાસ જરૂર છે. પરંતુ વાણી ઉપર કંટ્રોલ કરવો એ નાની-સુની વાત નથી. વાણી ઉપર સંયમ કેળવવો એ અતિ કઠિન છે.

એક દિવસ એક ગુરૂ અને શિષ્ય વચ્ચે જ્ઞાનની વાતો ચાલતી હતી. તેમાં શિષ્યએ ગુરૂને પૂછ્યું કે- 'ગુરૂજી કોબ્રા સાપને પાળી શકાય?' ગુરૂજીએ કહ્યું- 'હા, એમાં કાંઈ ખાસ વાંધો ન આવે. બીજો સવાલ કર્યો કે 'સિંહને પાળવામાં સફળતા મળી શકે?' ગુરૂજીએ કહ્યું હા મળી શકે. આગળ પૂછયું કે 'ખૂની માણસને સમજુ બનાવી શકાય? ગુરૂએ કહ્યું ખાસ વાંધો ન આવે. 'વાંદરાને શાંત કરી શકાય? તો કહ્યું શક્ય છે થોડી તકલીફ પડી શકે છે. તો શિષ્ય એ પૂછયું તમારી દ્રષ્ટિએ જેને પાળવામાં, કેળવવામાં, શાંત રાખવામાં, કે સમજુ બનાવવામાં અતિશય તકલીફ પડે એવું કોઈ પરિબળ આ જગતમાં છે ખરૂ ! ગુરૂજીએ કહ્યું હા એ છે માણસની જીભ.

અનુભવી ગુરૂજીની આ વાત સાંભળીને શિષ્ય સ્તબ્ધ થઈ ગયો. હા ખરેખર એમ જ છે. દૂધ તપેલીમાં ભર્યું હોય તેમાં ખટાશ નાંખવાથી તે ફાટી જાય પરંતુ તેને પણ થોડો સમય તો લાગે જ. કોઈના ઘરમાં મૃત્યું થયું હોય તો શબને ગંધાતા પણ સમય તો લાગશે જ. પરંતુ માણસના મુખમાંથી જે નીકળતા શબ્દોને લગાડતા આ બંને કરતા બહું ઓછો સમય લાગે છે.

તેથી જ આપણે જેમ પાણીને ગાળીને વાપરીએ છીએ એમ વાણીને પણ ગાળીને વાપરતા શીખી જવાની જરૂર છે. આપણા પરમ પૂજ્ય બ્રહ્મલીન સદ્ગુરુજી કહેતા કે 'વાણી અને વર્તન શુદ્ધ રાખવા.'

જ્યારે મનુષ્યનું મન આવેશમાં હોય અથવા લોભ કે ભયના કારણે પણ તે વાણી અસત્ય બોલતો હોય છે. આ અસત્ય વાણી બોલવાથી ઘણી વખત માણસ ઉપરથી વિશ્વાસ ઉઠી જતો હોય છે. પછી કોઈ વખત માણસ સાચી વાત કરતો હોય ત્યારે પણ સામેની વ્યક્તિ કહેશે કે, તમારી સાથે વ્યવહાર કરતાં પહેલાં મારે વિચાર કરવો પડે. આમ અસત્ય બોલવાથી માણસ વિશ્વાસ ગુમાવી બેસે છે. એટલે શબ્દો બોલતા પહેલા વિચાર કરવો જોઈએ કે અત્યારે આ શબ્દો બોલવા જેવા છે કે નહી. રામનું નામ ઉત્તમ કહેવાય છે પરંતુ તમે કોઈકના લગ્ન પ્રસંગે ગયા હોય અને એ વખતે બોલવા લાગો કે - રામ બોલો ભાઈ રામ, તો શું થાય? એટલે સમયને ઓળખવો પડે. સમય અને સંજોગને જોવા જ પડે. એટલે સો વાતની એક જ વાત છે કે પાણીને એક જ ગરણામાંથી ગાળશું તો ચાલી જશે પણ વાણીને તો ચાર ગરણામાંથી જ ગાળવું પડશે. કારણ કે માણસને શબ્દો જ મારે અને શબ્દો જ તારે છે. તો સારી વાણી બોલતા આપણને આપણા માતા-પિતા, વડીલો અને આપણા ગુરૂજનો પાસેથી શીખવા મળે છે માટે જ્યારે જ્યારે સંતોનો સત્સંગ મળતો હોય ત્યારે આપણા વહેવારના કામમાંથી થોડો સમય કાઢી આપણે તેમની પવિત્ર વાણીનો તેમના દિવ્ય શબ્દો શ્રવણ કરવા જોઈએ જેથી કરીને આપણે અને આપણા સંતાનો બધાને વાણીથી અને વર્તનથી કેમ બોલવું, કેવુ બોલવું અને કેવુ વર્તન વડીલો અને ગુરૂજનો સાથે કરવું તેનું જ્ઞાન મળે છે. સદ્ગુરૂ પરમાત્મા સર્વને વાણીથી શુદ્ધ બનાવે એવી પરમ પૂજ્ય શ્રી સદ્ગુરૂદેવના ચરણ કમળોમાં પ્રાર્થના.

# પ્રેમ અને બ્રહ્મ એક જ છે.

ગોરધનભાઈ જે. ગાબાણી
પીપળીયા

ૐ શ્રી સચ્ચિદાનન્દાય નમઃ

પ્રમ કહો, જ્ઞાન કહો, બ્રહ્મ કહો, કૃષ્ણ કહો, રામ કહો, શંકર કહો એ સર્વ એક જ છે : નામ માત્રનો ભેદ છે. જળ કહો, વારિ કહો, પાણી કહો, સાગર કહો, રત્નાકર કહો, નદી કહો, પણ સર્વત્ર પાણી જ છે. માતા કહો, કાકી કહો, ભાભી કહો, દીકરી કહો, બહેન કહો, ગૃહિણી કહો. પણ સ્ત્રી જાતિ રૂપે એક છે. નામનો ભેદ છે. એમ જ બ્રહ્મ વિશે પણ સજવું. જ્ઞાનથી, બ્રહ્મની પ્રાપ્તી થાય છે. તેમજ પ્રેમથી પણ બ્રહ્મની પ્રાપ્તી છે. પ્રેમ અને જ્ઞાની એક જ છે. પ્રેમીથી જ્ઞાની શ્રેષ્ઠ છે. જ્ઞાનીથી પ્રેમી શ્રેષ્ઠ છે. આમાં અધિક ન્યુનતા બુધ્ધી રાખવી અજ્ઞાનતાનું કાર્ય છે. કોઈ એક પ્રસંગે જ્ઞાની અને પ્રેમી અરણ્યમાં જતા હતા. તેવામાં સામો વાઘ જોવામાં આવ્યો.

પ્રેમીએ કહ્યું : આપણે નાશી જઈએ. નહી તો વાઘ ખાઈ જશે? જ્ઞાનીએ કહ્યું : આપણે તો પરમાત્મા રૂપ જ છીએ. પરમાત્મા પરમાત્માનું રક્ષણ કરશે જ. પ્રેમીએ કહ્યું : ભલા માણસ? જે કાર્ય આપણાથી થઈ શકે છે તે કાર્ય માટે પરમાત્માને શ્રમ આપવો એ શું યોગ્ય છે ?

પ્રેમીજન પરમાત્મામાં જે પ્રકારે એકતાર થઈ જાય છે. તેનું સ્વરૂપ નિરાળું છે. પ્રેમી અવતારી પુરૂષ છે. જ્ઞાની સિધ્ધ પુરૂષ છે. પ્રેમી અનેકોના સહવાસમાં આવી જળકમળવત્ નિર્લેપ રહી અનેકોનો ઉધ્ધાર કરે છે. જ્ઞાની સિધ્ધદશામાં રહી જગતના ભયથી દૂર ભાગે છે. પ્રેમી જગતમાં રહેવા છતાં પણ નિર્લેપ રહે છે. અને તે જ શ્રેષ્ઠ છે. પ્રેમી જે પ્રકારે પરમાત્મામાં એક તાર થઈ જાય છે. પરમાત્મસ્વરૂપ બની જાય છે. પરમાત્મામાં આત્માને વિલીન કરે છે. પરમાત્મામાં આત્મલીનતા થઈ જાય છે. તેની ખુબીનું વર્ણન થઈ શકે તેમ નથી. જ્ઞાનીનીલીનતા જુદા જ પ્રકારની છે. જ્ઞાની જળના બુંદ-બુંદ જેવો છે. જળમાંથી નીપજી જળમાં સમાઈ વિલયને પામે છે. પ્રેમી વીણાના સુર જેવો છે. પોતે આનંદ ભોગવી બીજાને ભોગવાવે છે. છતા એક જ છે. માનો કે પ્રેમી તે જીવનમુક્ત છે. જ્ઞાની તે વિદેહમુક્ત છે. જ્ઞાન એજ પ્રેમ છે. પ્રેમ જ જ્ઞાન છે. જ્ઞાનથી ઉત્પન્ન થયેલો પ્રેમ સર્વથી શ્રેષ્ઠ છે. પ્રેમથી ઉપજેલું જ્ઞાન જ અચળ-અટલ-અબાધ્ય રહે છે. એજ જ્ઞાનપ્રેમમાં રહેલો જ્ઞાની જીવ સર્વકાળ પરમાત્માનું સામીપ્ય ભોગવતો સાયુજ્યતાને પામે છે. આ અતિ અદ્ભુત છે. પણ સત્ય છે. એ જ દશાને પ્રાપ્ત જીવ ઈશ્વરની કૃપાથી સત્વર મુક્ત થઈ જાય છે. અજામિલ જેવા ક્ષણ માત્રમાં પણ એ દશા પ્રાપ્ત કરી શક્યા છે. તે પ્રેમ અનન્યતાનો પ્રતાપ છે. જે પ્રેમથી અજામિલે નારયણનું ભજન કર્યું છે તેજ પ્રેમ શુદ્ધ અને સત્ય છે. જ્ઞાનીની વૃત્તિ તીવ્રતમ ઉચ્ચાભિલાષી છે. પ્રેમીનું હૃદય-વૃત્તિ-ભાવના ઉચ્ચ અને સંસ્કારી છે.

ઉભયના આત્મામાં પરમાત્માનું શુદ્ધ જ્ઞાન અને શુદ્ધ પ્રેમ એ સમાનસચોટ જ છે. પ્રેમી અને જ્ઞાની ભુમા-બ્રહ્મના દર્શનના અધિકારી છે. પ્રેમી પરમાત્માના સકળ દરબારગઢમાં જવાનો અધિકારી છે. જ્ઞાની દરબારનો સામંત છે. રાજા સામંત સંગે સદાજ મંત્રણા કરે છે. પોતાના હૃદયની ઉર્મિઓ તેનામાં સમાવે છે. પણ પ્રેમીતો રાજાના રણવાસથી તે રાજાના ગુપ્ત કાર્યમાં પણ રાજાની સમીપમાં ને અંતરમાં બન્ને સ્થાનકોમાં રહી શકે છે. જ્ઞાની જ્ઞાનમાં સ્વસુખ માટે જ તલસે છે. પ્રેમી પોતાના પ્રેમપાત્રના સુખને માટે પણ તલસે છે. - પ્રેમી પોતાનું સર્વસ્વ પરમાત્માને જ જોવે છે.

વૃન્દાવનની ગોપીઓ એ જ પ્રેમનું પાત્ર હતી. શ્રીકૃષ્ણને જગતના નાથ ન જાણતા ગોપીનાથ જાણી શ્રીકૃષ્ણમય થવાથી તેઓ મુક્તિને પામી છે. એવા પ્રેમનું પાત્ર બનાવવાને તનમન-રહિત બની જવું જોઈએ. સદા ઉત્સાહી રહેવું જોઈએ. દૃષ્ટિ માત્રનો વિલોપ કરવો જોઈએ. દૃષ્ટિનો દૃષ્ટિમાં વિલય કરવો જોઈએ. ચિત્ત અને ચૈતન્ય. દૃષ્ટા અને દૃષ્ય એવી નામ માત્રની ઉપાધીઓ ટળી જવી જોઈએ. ભેદ મટવો જોઈએ.

# ધર્મનું લક્ષણ - દમન

ૐ શ્રી સચ્ચિદાનન્દાય નમઃ

પરમ પૂજ્ય સ્વામી શ્રી ભૂમાનંદ સાગરજી મહારાજ ભીંગરાડ ગામે ચાર્તુમાસ દરમિયાન કરેલ સત્સંગ કથા આધારિત પ્રવચન.

પરમ પૂજ્ય પરમ આદરણીય પ્રાતઃસ્મરણીય વિવેક વૈરાગ્ય આદિ વેદ વેદાંત સકલ શાસ્ત્ર જ્ઞાન પ્રકાશક અજ્ઞાન અંધકાર વિનાશક જીવ ઈશ્વર એકૈ ભવદુઃખ વિનાશક બ્રહ્માનંદ પ્રદાયક નિત્યનિરંતર પરમ હિતકારી ભક્ત ઉદ્ધારક પરમહંસ પરિવ્રાજકાચાર્ય શ્રોત્રિયબ્રહ્મનિષ્ઠ અનંત શ્રી વિભૂષિત બ્રહ્મલીન સચ્ચિદાનંદ સ્વરૂપ સદ્ગુરુ પરમાત્માના પરમપવત્રિ ચરણકમળોમાં કોટી કોટી વંદન. ઉપસ્થિત ધર્મપરાયણ ભાઈઓ તથા બહેનો અને ભક્તિમતી માતાઓ પરમ કૃપાળુ પરમાત્માએ આપણને દેવોને પણ દુર્લભ એવો મનુષ્ય જન્મ આપ્યો છે. મનુષ્ય જન્મની અંદર ભગવાને સુંદર બુદ્ધિ આપી છે. બુદ્ધિ દ્વારા આપણે ધર્મના સ્વરૂપને જાણીએ ધર્મનું ત્રીજું લક્ષણ છે દમન, તેના વિશે જાણીએ.

આપણી પાસે જે ઈન્દ્રિયો છે. એમાં એક બાહ્ય ઈન્દ્રિયો અને બીજી આંતર ઈન્દ્રિયો. બહારનું જ્ઞાન થાય તેને બાહ્ય ઈન્દ્રિયો કહેવાય છે અને અંદરનું જ્ઞાન થાય તેને આંતર ઈન્દ્રિયો કહેવાય છે. બહારની ઈન્દ્રિયો એટલે આંખથી રૂપનું જ્ઞાન થાય, કાનથી શબ્દનું જ્ઞાન થાય, ત્વચાથી સ્પર્શનું જ્ઞાન થાય, નાકથી ગંધનું જ્ઞાન થાય, જીભથી રસનું જ્ઞાન થાય છે. આંતર ઈન્દ્રિયો એટલે મન. મનથી આખા શરીરમાં કયાં દુઃખાવો થાય તેની મનને ખબર પડે છે. માથું દુઃખે, પગ દુઃખે, પેટમાં દુઃખે તો મનને ખબર પડે છે. ડૉક્ટરો મોટા મોટા ઓપરેશન કરે તો મનને બેભાન કરી દે છે. જ્યારે મનને બેભાન કરે છે ત્યારે ઓપરેશન થઈ શકે છે. જ્યારે દવાનો પાવર ઉતરી જાય છે ત્યારે દુઃખાવો શરૂ થઈ જાય છે. જ્યારે મન બેભાન અવસ્થામાં હોય ત્યારે મનને ખબર પડતી નથી. મનને કહેવાય છે આંતર ઈન્દ્રિય.

ભગવાન કહે છે તમારું મન જ્યાં જ્યાં જાય છે. ત્યાંથી પાછુ વાળો. કોઈનું મન છોકરાઓ પાસે પહોંચી ગયું હશે તો કોઈકનું મન કાલે બહારગામ જવાનું છે અને આ કામ કરવાનું હોય તેમાં મન હોય છે. મન ક્યારેય શાંતિથી બેસતું નથી. દોડધામ કરતું રહે છે. વળી, મનની ગતિ પ્લેન કે રોકેટની ગતિ જેવી નથી. છતાં પણ તમારે અમેરિકા જવું હોય તો જ્યારે યાદ કરો ત્યારે પહોંચાડી દે છે. એક સેકન્ડમાં પહોંચી જાઉં કે કોઈ ટ્રાફિક ન આવે કે કોઈ વાતાવરણનો બંધ બારણામાં હોય લૉક કરી દીધો હોય તો પણ મન પહોંચી જાય. આ મન છે તેને ભગવાન કહે છે વિષયોમાંથી પાછું વાળો અને મારી અંદર લગાવો. ભગવાન કહે છે મને બહારના પદાર્થની એટલી જરૂર નથી. તમારે સુખી થવું હોય તો તમારું મન મને સોંપો. ગીતામાં ભગવાને કહ્યું છે-

**''મન્મના ભવ મદ્ભક્તો મદ્યાજી માં નમસ્કુરુ ।**
**મામેવૈષ્યસિ યુક્ત્વૈવમાત્માનં મત્પરાયણઃ॥''**

મારી અંદર તમે મનને લગાવો. મારા ભક્ત બનો. મારી પૂજા કરો. મારી ભક્તિ કરો, તો મને જ પ્રાપ્ત થશો. એમાં કોઈ શંકા નથી.

**''મય્યેવ મન આધત્સ્વ મયિ બુદ્ધિં નિવેશય ।**
**નિવસિષ્યસિ મય્યેવ અત ઊર્ધ્વં ન સંશયઃ ॥''**

બારમો અધ્યાય ભક્તિયોગનો બતાવ્યો છે. તમે મારામાં મન લગાવો. તો મારા લોકને જ પ્રાપ્ત થશો. પાછું ન આવવું પડે તે મારું પરમધામ છે. પછી જન્મ મરણ કે સંસારમાં પાછું આવવું નહિ પડે, તો મનને જ્યાં જ્યાં જાય છે, ત્યાંથી પાછું વાળો. મન આપણું ગુલામ છે કે મનના આપણે ગુલામ છીએ. મન આપણું નોકર છે કે આપણે મનના નોકર છીએ.

એક રાજા હતો તેમણે બધા રાજાને જીતી લીધાં

એટલે તેને બધા રાજા સર્વજીત રાજા કરીને બોલાવે. પણ તેની માતા હતી તે રાજમાતા કોઈ દિવસ સર્વજીત કહીને ન બોલાવે. એક દિવસ તે જમવા બેઠા. ત્યારે પેલો રાજા રાજમાતાને કહે છે કે - 'હે માતા મેં સર્વને જીતી લીધા છતાં તમે મને સર્વજીત કમે કહેતા નથી. એનું કારણ શું?' જો બેટા તે તારા બહારના શત્રુને જીત્યા છે પણ અંદરના શત્રુ જે તારું મન છે. તેને તે જીત્યું નથી. તો તું મનનો ગુલામ છે. તો હું તને કેમ સર્વજીત કહીને બોલાવી શકું. તને ભગવાને કેટલું આપ્યું છે. તો પણ તું કહે છે હું પેલા રાજાને જીતું. હું ઓલા રાજાને જીતું. જે મન કહે છે તે તું કરવા લાગે છે. તો મન તારું માલિક છે કે તું મનનો માલિક છે. તે રાજા બુદ્ધિશાળી હતો અને તે જ દિવસથી તેણે મનને જીતવાના પ્રયત્નો શરૂ કર્યા. ત્યારે રાજાને કહ્યું હવે તું સર્વજીત છો. હવે તને સંસારની કોઈ કામના નથી. એટલે આપણે જ્યાં સુધી મનને જીતશું નહિ ત્યાં સુધી આપણે મનના ગુલામ છીએ. આપણને જેમ નચાવે તેમ નાચીએ છીએ. તો જ્યાં સુધી મનના ગુલામ છીએ ત્યાં સુધી આ જીવ ભગવાનનું ભજન કરી શકતો નથી. ધર્મનું પાલન કરી શકતો નથી. ભુક્તિ મુક્તિ મેળવી શકતા નથી. એ મન છે. આ મન જીવને જન્મ-મરણના ચક્રમાં ભટકાવે છે.

જેનું મન જીતેલું છે. એ જ આ સંસારથી છૂટીને જન્મ-મરણથી મુક્ત થઈ શકે છે. તેથી ભગવાન કહે છે તમારું મન તમે જીતો, મનને તમે સજા કરો, કાળને યાદ રાખો કે મારા માથા ઉપર કાળ છે, જે આપણને ક્યાં લઈ જશે તેની ખબર નથી. પેલા ઉંદરને આપણે પાંજરામાં કંઈક ખાવાનું નાખીએ તો પાંજરામાં નાની એવી બારી હોય તો પણ તેમાં કેટલા ઉંદર અંદર આવી જાય અને બારી બંધ થઈ જાય. સવારે જોઈએ તો પાંજરું ઉંદરથી ભરાઈ ગયું હોય. ગામની બહાર મૂકી આવે તો એક દિવસ એક ભાઈ કહે કે ઉંદર ઘરમાં આવે જ નહિ તેવું કરવું છે. ઉંદર ઘરમાં ન આવે તેના માટે શું કરવું જોઈએ? બીજા ભાઈ કહે એક બિલાડી ઘરમાં રાખો એટલે બીજે દિવસે પાંજરામાં ઊંદરને પૂરીને બિલાડી પાસે મૂકી દો અને પછી પાંજરાની બારી ખોલી દો તો એક પણ ઉંદર બહાર નથી નીકળતો કારણ કે સામે બિલાડી છે. બહાર નીકળે તો બિલાડી ખાય જાય એટલે તેને બીક છે. મારો કાળ બિલાડી છે. તમારું મન ઉંદર જેવું છે. જગતના પદાર્થમાં દોડદોડ કરે છે. તમે તેને સ્થિર કરવા માટે કાળરૂપી બિલાડી બતાવો. તો ત્રણરૂપે મનને વાળો. (૧) સમજે તો સમજાવો કે ભગવાન સાચા છે. બીજું બધું ખોટું છે. (૨) તો ન સમજે તો સજા કરો. (૩) ન સમજે તો કાળને યાદ કરાવો કે મારા માથા ઉપર કાળ છે. મારો શ્વાસ બહાર જાય છે તે શ્વાસ અંદર આવશે કે નહિ તેની ખબર નથી. આપણું મન ભગવાનમાં ન લાગે તો માથે કાળ છે તેવું સમજીને ભગવાનમાં મન રાખો એટલે ભગવાન કહે છે તમારું મન સમજીને પાછું વાળો. અર્જુનને ભગવાને કહ્યું હતું કે તું મન મારામાં રાખીશ અને યુદ્ધ કરીશ તો સુખી થઈશ અને યુદ્ધ જીતીશ. તો આપણે ભુક્તિ અને મુક્તિ મેળવવી હોય તો ધર્મનું પાલન કરવું જોઈએ.

## ॥ શ્રધ્ધાંજલી ॥

**ગામ દડવા, તા. ઉમરાળા સ્વ. અશોકભાઈ કાનજીભાઈ માંગુકીયા (ઉંમર વર્ષ ૩૬) સંવત ૨૦૭૩ ભાદરવા સુદ-ચોથ તા. ૨૫-૮-'૧૭ ને શુક્રવારના રોજ માધવ શરણ પામેલ છે. સદ્‌ગુરુ ભગવાન સ્વર્ગસ્થના જીવાત્માને પરમ શાંતિ આપે.**

**શ્રી માધવ પરિવાર વતી વેદ રહસ્ય કમિટિ શ્રધ્ધાંજલી અર્પે છે.**

## ॥ શ્રધ્ધાંજલી ॥

**ગામ ડંભાળીયા, (હાલ-ભાવનગર) સ્વ. ખોડીદાસભાઈ મોહનભાઈ મોણપરા (ઉંમર વર્ષ ૬૨) સંવત ૨૦૭૩ ભાદરવા-વદ બારસ તા. ૧૭-૯-'૧૭ ને રવિવારના રોજ માધવ શરણ પામેલ છે. સદ્‌ગુરુ ભગવાન સ્વર્ગસ્થના જીવાત્માને પરમ શાંતિ આપે.**

**શ્રી માધવ પરિવાર વતી વેદ રહસ્ય કમિટિ શ્રધ્ધાંજલી અર્પે છે.**




# અખંડ જીવન જ્યોત પદયાત્રા ભાવનગર થી પીપળીયા

પરમ પૂજ્ય પ્રાતઃ સ્મરણીય શ્રીમત્પરમહંસ પરિવ્રાજકાચાર્ય શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ માધવપીઠાધીશ્વર શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી જગદીશાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય શ્રીની પ્રેરણા થી ભાવનગર થી પીપળીયા ધામ સુધીની પદયાત્રા. સંવત ૨૦૭૪ કારતક સુદ-દશમ સોમવાર તા. ૩૦-૧૦-૨૦૧૭ ના રોજ રાત્રે ૧૧ કલાકે શિવોહંનગર શ્રી માધવાનંદ આશ્રમ ભાવનગરથી પદયાત્રા પ્રસ્થાન થશે અને અગિયારસને મંગળવાર તા. ૩૧-૧૦-૧૭ના શુભ દિવસે સવારે પદયાત્રા પીપળીયાધામ પહોંચશે. પ. પૂ. શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીજી મહારાજશ્રી તા. ૩૦-૧૦-૨૦૧૭ ને સોમવારે સાંજે પીપળીયા પધારશે.

પ્રશ્ન : નવા વર્ષમાં શું કરીશું ? જવાબ : પદયાત્રા કરીશું સદ્‌ગુરૂ ભગવાનના દર્શન કરવા જઈશું.

પ્રશ્ન : ભગવાનનાદર્શન કરવા ક્યાં જઈશું ?

જવાબ : પીપળીયા ધામમાં **અખંડ જીવન જ્યોત** છે. જ્યાં આપણા સદ્‌ગુરૂ ભગવાન સાક્ષાત બિરાજમાન છે અને સર્વેની મનોકામના પૂર્ણ કરે છે ત્યાં જઈશું. પ.પૂ. શ્રીમત્પરમહંસ પરિવ્રાજકાચાર્ય શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ અનંત શ્રી વિભૂષિત સચ્ચિદાનંદ સ્વરૂપ સર્વેસેવકના હૃદય સમ્રાટ સર્વ સેવકના હૃદયમાં પ્રેમ મૂર્તિ રૂપે બિરાજમાન સદ્‌ગુરૂ ભગવાન મહામંડલેશ્વર સ્વામી શ્રી અખંડાનંદસાગરજી મહારાજશ્રીની પરમ પવિત્ર અને પાવનકારી જન્મભૂમિ છે. એવા પીપળીયા ધામના આંગણે **અખંડ જીવન જ્યોત** સ્વરૂપે બિરાજમાન છે. ત્યાં નવા વર્ષના આશિર્વાદ મેળવવા અમો પદયાત્રામાં ખૂબ ઉત્સાહ અન પ્રેમથી, શ્રદ્ધા ભક્તિ સાથે જઈશું. તો આ પ્રસંગે અગિયારસના ઉત્સવમાં પીપળીયા ધામમાં **અખંડ જીવન જ્યોત** મંદિર દર્શનનો લાભ લેવા આપ સર્વે સેવક ભાઈ-બહેનોને પદયાત્રામાં જોડાવવા આ યાત્રાના આયોજક વી. ડી. પટેલ (અધેવાડાવાળા)નું પ્રેમપૂર્વક હાર્દિક આમંત્રણ છે. તો અવશ્ય પધારશો.

પ્રિતમ દાસજી કહે છે કે : ***સંત સન્મુખ થયામાં સુખ છે ઘણું, ફળ ડગલે ડગલે યજ્ઞ તણું.***

નોંધ : દર મહિનાની સુદ અગિયારસના શુભ દિવસે **અખંડ જીવન જ્યોત**માં બિરાજતા સદ્‌ગુરૂ ભગવાનના દર્શન કરવા ભાવિક ભક્તો પીપળીયા ધામમાં આવે છે. સર્વે યાત્રીઓ માટે ભોજનની વ્યવસ્થા રાખવામાં આવેલ છે.

તો આ પદયાત્રામાં વધુ ને વધુ જોડાવા ભાઈ-બહેનો-બાળકોએ લાભ લેવા પધારશો.



પ.પૂ.શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી શ્રી અખંડાનંદસાગરજી મહારાજશ્રી



નિગમ કલ્પતરોર્ગલિતં ફલં શુકમુખાદમૃતદ્રવ સંયુતમ્ ।
પિબત ભાગવતં રસમાલયં મુહુરહોરસિકા ભુવિ ભાવુકાઃ ॥



વક્તાશ્રી : પ.પૂજ્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી જગદીશાનંદ સાગરજી મહારાજ

# શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ

**અનંત કોટી બ્રહ્માંડ નાયક શ્રી સચ્ચિદાનંદ ભગવાનની અસીમ કૃપાથી પરમ પૂજ્ય પ્રગટ બ્રહ્મસ્વરૂપ શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ શ્રીમત્પરમહંસ પરિવ્રાજકાચાર્ય શ્રી ૧૦૦૮ સ્વામી શ્રી માધવાનંદજી મહારાજની કૃપાદ્રષ્ટિથી તેમજ પરમ પૂજ્ય પ્રાતઃસ્મરણીય શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ શ્રીમત્પરમહંસ પરિવ્રાજકાચાર્ય સચ્ચિદાનંદ સ્વરૂપ પ્રગટ ભગવાન શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી શ્રી અખંડાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્યશ્રીના આશીર્વાદ (સત્સંગ)થી પવિત્ર ભૂમિ એવા અમદાવાદ (પલક પાર્ક)ના આંગણે સંવત ૨૦૭૪ના કારતક સુદ ૪ને સોમવાર તા. ૨૩-૧૦-૨૦૧૭ના શુભ દિવસે ભક્તિ વિરક્તિ ભગવત્પ્રબોધના અદ્ભૂત જ્ઞાનયજ્ઞનું સુંદર આયોજન કરવાનું અમને સદ્ભાગ્ય સાંપડયુ છે.**

## વ્યાસપીઠ પર બિરાજશે

**પરમ પૂજ્ય પ્રાતઃ સ્મરણીય શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ શ્રીમત્પરમહંસ પરિવ્રાજકાચાર્ય શ્રી માધવપીઠાધીશ્વર શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી શ્રી જગદીશાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્યશ્રી કરુણાનીમૂર્તિ, જ્ઞાનસ્વરૂપ સહનશક્તિની મૂર્તિ સમા, અમારા માધવ પરિવારના લાડીલા એવા પ્રગટ ભગવાનશ્રી વ્યાસપીઠ પર બિરાજી કર્મ, ભક્તિ અને જ્ઞાનથી ભરપૂર શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞના અમૃતમય વાણીનું રસપાન કરાવશે તો આ પાવન વાતાવરણમાં સહભાગી થવા જીવ - જગત - જગદીશનો સંબંધ સમજાય અને જીવન સચ્ચિદાનંદમય બને જન્મ-મરણના ફેરા થી છૂટાય તેવી કામના સાથે દિવ્ય મંગળમય અવસર પર જ્ઞાનગંગાનો લાભ લેવા આપ સૌને ભવરોગ વિનાશી ભાગવત કથામાં પધારો તેવું અમારા મોટેરીયા પરિવારનું નિમંત્રણ છે.**

**શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞમાં સંત મહાત્માઓ પણ પધારશે અને દર્શન સત્સંગનો લાભ આપશે ઘરના કામો છોડી અચૂક લાભ લેવો.**

## ●●● ॥ કથાના અલૌકિક પાવન પ્રસંગો ॥ ●●●

**પોથીયાત્રા સ્થળ :** તા. ૨૩/૧૦/૨૦૧૭ને સોમવારે સવારે ૮.૧૫ કલાકે અમારા ઘરેથી નીકળી કથા સ્થળે જશે.

**કથા પ્રારંભ :** કારતક સુદ ચોથ સોમવાર તા. ૨૩/૧૦/૨૦૧૭ને સવારે ૧૦.૩૦ કલાકે

**શ્રી કૃષ્ણ જન્મોત્સવ :** કારતક સુદ સાતમ શુક્રવાર તા. ૨૭/૧૦/૨૦૧૭ સાંજે ૫ કલાકે.

**કથા પૂર્ણાહુતિ :** કારતક સુદ દશમ રવિવાર તા. ૨૯/૧૦/૨૦૧૭ને સવારે ૧૧.૩૦ કલાકે.

**શ્રી ગુરુગીતાનો પાઠ :** દરરોજ સવારે ૬.૦૦ કલાકે પ. પૂ. મહામંડલેશ્વર સ્વામીજી મહારાજશ્રીના સાનિધ્યમાં થશે.

**કથાનો સમય : સવારે ૯ થી ૧૧.૩૦ - બપોરે ૩ થી ૫**

નાસ્તો : સવારે ૭.૦૦ કલાકે. **મહાપ્રસાદ :** દરરોજ બપોરે ૧૨.૦૦ કલાકે તેમજ દરરોજ સાંજે ૭.૦૦ કલાકે.

**કથા સ્થળ :** ૩૯, પલકપાર્ક ની બાજુમાં, વાસુકાનન ફલેટની પાછળ, નિર્ણયનગર ગરનાળાની બહાર, ઔડા ગાર્ડનની બાજુમાં, ખુલ્લા પ્લોટમાં, ઘાટલોડિયા, અમદાવાદ - ૩૮૨૪૬૧

**નિમંત્રક : શ્રી દશરથભાઈ સોમભાઈ પટેલ - શ્રીમતી વિદ્યાબેન દશરથભાઈ પટેલ**
વિદ્યાબેન - ૯૮૯૮૨૫૯૦૯૭, દશરથભાઈ - ૯૭૨૪૨૩૧૮૫૦

ધર્મેશભાઈ - ૯૮૨૫૫૨૬૨૬૩
નિલકંઠભાઈ - ૯૮૯૮૦૮૬૪૬૫



## પૂ.પૂ. સ્વામીશ્રી હરિહરાનંદ સાગરજી મહારાજનો કાર્યક્રમ

- તા. ૧૭-૧૦-૧૭ સુધી હરિદ્વાર રોકાશે. ■ તા. ૧૯-૧૦-૧૭ વડોદરા પધારશે
- તા. ૨૦-૧૦-૧૭ પાલડી પધારશે. ■ તા. ૨૧-૧૦-૧૭ પીપરીયા પધારશે.
- તા. ૨૧-૧૦-૧૭ બપોર પછી નવા નાવડા પધારશે.

### શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ


- **પોથીયાત્રા :** કારતક સુદ - ત્રીજ, રવિવાર તા. ૨૨-૧૦-૨૦૧૭ સવારે ૯.૦૦ કલાકે.
- **કથા પ્રારંભ :** કારતક સુદ - ત્રીજ, રવિવાર તા. ૨૨-૧૦-૨૦૧૭ સવારે ૧૧.૩૦ કલાકે.
- **કૃષ્ણ જન્મોત્સવ :** કારતક સુદ - પાંચમ ને બુધવાર તા. ૨૫-૧૦-૨૦૧૭ સાજે ૫.૦૦ કલાકે.
- **કથા સમય :** સવારે ૯.૩૦ થી ૧૧.૩૦ કલાક. બપોરે ૪.૦૦ થી ૬.૦૦ કલાકે.
- **કથા પૂર્ણાહૂતિ :** કારતક સુદ- આઠમ ને શનિવાર તા. ૨૮-૧૦-૨૦૧૭ સાંજે ૫.૦૦ કલાકે.
- **કથા સ્થળ :** શ્રીમાધવધામ, મુ. નવા નાવડા, તા. બરવાળા, જિ. બોટાદ.
- **ભોજન પ્રસાદ :** દરરોજ બપોરે ૧૨:૦૦ કલાકે. અખંડ આનંદ પ્રસાદ ગૃહ.
- **નિમંત્રક :** શ્રી વશરામભાઈ મોહનભાઈ સવાણી તથા શ્રી વલ્લભભાઈ મોહનભાઈ સવાણી તથા શ્રી જાદવભાઈ મોહનભાઈ સવાણી તથા સવાણી પરિવારના જય સચ્ચિદાનંદ
- **સંપર્ક :** ૯૯૭૪૩ ૪૧૯૦૦, ૯૮૯૨૧ ૯૨૧૩૦, ૯૮૯૮૯ ૭૦૦૮૫
- તા. ૨૯-૧૦-૧૭ અમદાવાદ પધારશે. ■ તા. ૨૯-૧૦-૧૭ બપોર પછી પાલડી પધારશે.
- તા. ૨-૧૧-૧૭ થી ૧૩-૧૧-૧૭ સુધી ભાવનગર શ્રી માધવાનંદ આશ્રમ, કાળીયાબીડ.

## કિર્તન

**રીનાબેન મુંજાણી (ભાવનગર)**

નંદુબા કાઈ ઉત્તમકુળના દીકરી જો.
સોળ વરસના નંદુ બા થયા.
લીલાપુરથી આવ્યા નંદુબાના આણા જો
નંદાબાના સસરા આવ્યા તેડવા.
નંદુ બાએ મનથી કર્યો વિચારજો,
બ્રહ્મ સત્ય ને જગત મિથ્યા છે.
નંદુબાને નોતા સાસરના કોડ જો
ઝંખના હતી રે માધવાનંદની
નંદુબાએ પિતાના વચન પાળ્યા જો.
સાસરિયે આવવાનું મનમાં નક્કી કર્યું.
નંદુબા કાય લીલાપુર આવ્યા જો.
લીંબડાના ઝાડ નીચે બેસી ગયા.
સચ્ચિદાનંદ માધવાનંદની ભક્તિ લાગી જો.
આઠ આઠ દિવસ નંદુબાનાં વહી ગયા.

નંદુ બાની ઉગ્ર ભક્તિ જોઈ જો
શ્વસુર પક્ષના હૈયા પીગળી ગયા
શ્વસુર પક્ષે મનથી કર્યો વિચાર જો
દિકરીને પીયર પાછા મુકી આવો.
ગુરુ પ્રતાપે બોલ્યાં નંદુબા જો
ગુરુજી મળવાથી બેડો પાર છે.
માધવાનંદે મનથી નક્કી કર્યું જો.
આરે જીવ હવે પૂર્ણ થયો.
નંદુબાને પૂર્ણ વૈરાગ્ય થયા જો.
લીંબડી ગામે ગુરૂજી પધાર્યા.
નંદુબાએ સમાધી લીધી જો.
ભોગાવા નદીના કાંઠે સમાધી શોભી રહી
નંદુબાએ જગતમાં પરચા પુર્યા જો
જ્ઞાન અને ભક્તિ સર્વે શ્રેષ્ઠ છે.



## પ.પૂ. મહંત સ્વામીશ્રી પ્રકાશાનંદ ગિરિજી મહારાજ વેદાન્તાચાર્યનો કાર્યક્રમ
## શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ (પાલડી) ૪૪૫

- **કથા પ્રારંભ :** કારતક સુદ-એકમ બેસતુ વર્ષ, શુક્રવાર તા. ૨૦-૧૦-૨૦૧૭.
- **કૃષ્ણ જન્મોત્સવ :** કારતક સુદ-ચોથ ને મંગળવાર તા. ૨૪-૧૦-૨૦૧૭.
- **કથા સમય :** સવારે ૮.૩૦ થી ૧૨.૩૦ કલાક.
- **કથા પૂર્ણાહૂતિ :** કારતક સુદ- છઠ ને ગુરૂવાર તા. ૨૬-૧૦-૨૦૧૭
- **કથા સ્થળ :** શ્રીમાધવાનંદ આશ્રમ, મુ. પાલડી, તા. શિહોર, જિ. ભાવનગર.
- **આયોજક :** શ્રી મહિલા મંડળ, પાલડી.
- **સંપર્ક :** વલ્લભભાઈ એલ. સુતરીયા- મો. ૯૮૨૫૬ ૬૩૭૪૩ ■ કેશુભાઈ એલ. ભરોડિયા-મો.૯૮૨૫૬ ૫૮૨૫૪ ■ ઝીણાભાઈ બી.ભરોડિયા- મો. ૯૮૨૫૩ ૫૬૭૬૪ વલ્લભાઈ એમ. ભરોડિયા -મો. ૯૫૭૭૫ ૪૯૪૯૭

## શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ (વિરમગામ) ૪૪૬

- **કથા પ્રારંભ :** કારતક સુદ - નોમ, રવિવાર તા. ૨૯-૧૦-૨૦૧૭.
- **કૃષ્ણ જન્મોત્સવ :** કારતક સુદ-તેરસ ને ગુરૂવાર તા. ૨-૧૧-૨૦૧૭.
- **કથા સમય :** બપોરે ૧.૩૦ થી ૫.૩૦ કલાક.
- **કથા પૂર્ણાહૂતિ :** કારતક સુદ- પૂનમ ને શનિવાર તા. ૪-૧૧-૨૦૧૭
- **કથા સ્થળ :** સિદ્ધનાથ મહાદેવ મંદિરની વાડી, ઓર્થોપેડિક હોસ્પિટલની પાસે, માંડલ રોડ, મુ. વિરમગામ.
- **આયોજક :** ત્રિકમભાઈ સવજીભાઈ કળથિયા તથા વલ્લભભાઈ ભવાનભાઈ કળથિયા તથા શૈલેષભાઈ કાન્તિભાઈ કળથિયા તથા અતુલભાઈ ત્રિકમભાઈ કળથિયા
- **સંપર્ક :** ૯૮૨૪૪ ૧૦૬૮૬, ૯૯૦૯૪ ૩૫૬૯૪


## શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ (કંથારિયા) ૪૪૭

- **કથા પ્રારંભ :** કારતક વદ - ચોથ, મંગળવાર તા. ૭-૧૧-૨૦૧૭.
- **કૃષ્ણ જન્મોત્સવ :** કારતક વદ - આઠમ ને શનિવાર તા. ૧૧-૧૧-૨૦૧૭.
- **કથા પૂર્ણાહૂતિ :** કારતક સુદ- દસમ ને સોમવાર તા. ૧૩-૧૧-૨૦૧૭
- **કથા સ્થળ :** શ્રીમાધવાનંદ આશ્રમ, મુ. કંથારિયા, તા. આંકલાવ, જિ. આણંદ.
- **આયોજક :** શ્રી સચ્ચિદાનંદ સેવક

**-: દરેક સેવક ભાઈઓ બહેનોને ખાસ સુચના :-**

**ચાણોદ શ્રી માધવાનંદ આશ્રમમાં આવતાં પહેલાં આગલા દિવસે ઓફીસનો સંપર્ક ફરજિયાત કરવાનો રહેશે. ફોન. ૦૨૬૬૩-૨૩૩૩૬૨ મો. ૯૮૨૫૧૨૦૬૨૧**

## પરમ પૂજ્ય મહામંડલેશ્વર સ્વામીજી મહારાજશ્રીનો કાર્યક્રમ



તા. ૬-૧૦-૨૦૧૭ સુરત થી ચાણોદ પધારશે.
તા. ૮-૧૦-૨૦૧૭ ચાણોદ થી સુઘડ આંતરરાષ્ટ્રીય શ્રી માધવાનંદ આશ્રમ પધારશે.
તા. ૯-૧૦-૨૦૧૭ સુઘડ થી ઓજરાળા પધારશે.
તા. ૧૧-૧૦-૨૦૧૭ સાંજે સુઘડ પધારશે.
તા. ૧૬-૧૦-૨૦૧૭ સવારે આકરૂ પધારશે.
તા. ૧૮-૧૦-૨૦૧૭ સાંજે પીપરીયા પધારશે.
તા. ૧૯-૧૦-૨૦૧૭ દિવાળી મહોત્સવ પીપરીયા ગામમાં ધામધૂમથી ઉજવાશે.
તા. ૨૦-૧૦-૨૦૧૭ પીપરીયા ગામમાં - નૂતન વર્ષ - ૨૦૭૫.
તા. ૨૧-૧૦-૨૦૧૭ પીપરીયામાં બાબુભાઈ લાલજીભાઈ બોઘરા પરિવાર તરફથી નિર્માણ થયેલ ગામ દરવાજાનું ઉદ્‌ઘાટન પ.પૂ. મહામંડલેશ્વર શ્રી ૧૦૦૮ સ્વામીશ્રી જગદીશાનંદ સાગરજી મહારાજના વરદ હસ્તે થશે.
તા. ૨૧-૧૦-૨૦૧૭ બપોર પછી સુઘડ આંતરરાષ્ટ્રીય શ્રી માધવાનંદ આશ્રમમાં પધારશે.
તા. ૨૨-૧૦-૨૦૧૭ શ્રીમદ્‌ભાગવત સપ્તાહને નિમિત્તે ઘાટલોડીયા, પલક સોસાયટી, અમદાવાદમાં પધારશે.
તા. ૨૩-૧૦-૨૦૧૭ શ્રીમદ્‌ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનો પ્રારંભ.
તા. ૨૭-૧૦-૨૦૧૭ શ્રી કૃષ્ણ જન્મોત્સવ સાંજે ૫:૦૦ કલાકે.
તા. ૨૯-૧૦-૨૦૧૭ કથાની પૂર્ણાહૂતિ બપોરે ૧૨:૦૦ કલાકે.
તા. ૩૦-૧૦-૨૦૧૭ પીપળીયા (સ્વામીના) પધારશે.
તા. ૧-૧૧-૨૦૧૭ પીપળીયાથી સવારેનીકળી ચાણોદ પધારશે.

### પ.પૂ. મહામંડલેશ્વર શ્રી ૧૦૦૮ સ્વામીશ્રી જગદીશાનંદ સાગરજી મહારાજશ્રીએ આપેલ આશીર્વાદ

સર્વે સેવકોને દિવાળીના શુભ આશિર્વાદ. નૂતન વર્ષે સર્વે ભક્તોને પોતાનું જીવન સત્યં શિવં અને સુંદરં બને. પરમાત્મા સર્વેના શરીર સ્વસ્થ બનાવે નિરોગી રાખે ભૌતિક સંપત્તિથી સુખી બનાવે અને બુદ્ધિમાં આત્મજ્ઞાન દૃઢ કરાવે અને જીવન સફળ બને એવા શુભ આશિર્વાદ સાથે સર્વેને જય સચ્ચિદાનંદ.

*પ.પૂ. સ્વામી શ્રી જગદીશાનંદ સાગર*

વેબસાઈટ : www.omshreemadhavanandji.org













તા. ૭-૯-૧૭ થી ૧૦-૯-૧૭ સુધી લોનાવાલા તથા એમ્બીવેલી મુકામે
પ.પૂ. શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી શ્રી જગદીશાનંદ સાગરજી મહારાજ વેદાંતાચાર્ય તેમજ ભક્તગણ

REGISTERED UNDER RNI NO. GUJ.GUJ/2000/2499
LICENCE VALID UP TO 31/12/2019
POSTRAL REGI. NO. SRT-771/2017-19
POSTED AT SURAT RMS ON 5 th OF EVERY MONTH

**Printed Book**








**ભાદરવા સુદ-પૂનમને બુધવાર તા. ૬-૯-૧૭ના શુભ દિવસે પ.પૂ. શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી શ્રી જગદીશાનંદ સાગરજી મહારાજ વેદાંતાચાર્યશ્રીનું સુરત મુકામે ચાતુર્માસની તેમજ શ્રીમદ્ ભાગવત મહાપુરાણની પૂર્ણાહૂતિ કરીને આપતા શુભ આશીર્વાદ**

**BOOK POST**

પૃષ્ઠ ૨૪

**If Not Delivered Please Return To :-**

**: મુખ્ય કાર્યાલય :**
**શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ**
**"વેદ રહસ્ય કાર્યાલય"**
શ્રી માધવાનંદ આશ્રમ, ઉદયનગર–૧,
કતારગામ રોડ, સુરત–૩૯૫ ૦૦૪.
ફોન નં.:– ૦૨૬૧ ૨૫૩૪૬૧૦

Published by Laxmanbhai Jerambhai Sonani on behalf of Sachchidanand Sevak Mandal Printed by Ishvarbhai Dhanjibhai Golakiya at Parth Print Point, 1-Basement, Shreeji Awas, Mangadh Chowk, Mini Bazar, Varachha, Surat (Gujarat) and Published form Sachchidanand Sevak Mandal, Madhvanad Ashram, Uday Nagar Society-1, Katargam Road, Surat. Editor- Devrajbhai Valjibhai Vaghasiya.

Price per Copy Rs. 50/-